સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 01

[JAN - 2023]
[01/01/23 to 07/01/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)






JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**01 JAN-2023**

- દિવસ મહિમા : 01 જાન્યુઆરી, Global Family Day ..... 02
- Lion@47 : Vision For Amrutkal ..... 02
- નીલગીરી તહર પ્રોજેક્ટ (Nilgiri Tahar Project) ..... 04
- INS વાગીર (INS Vagir) ..... 05
- કાઝિંદ-22 (KAZIND-22) : ભારત કઝાકિસ્તાન સંયુક્ત યુદ્ધ અભ્યાસ ..... 07
- QUESTION ANSWERS ..... 08

**02 JAN-2023**

- સાહિત્ય ગૌરવ પુરસ્કાર-2021 અને યુવા ગૌરવ પુરસ્કાર 2021 ..... 09
- સ્ટે સેફ ઓનલાઈન અને G20 ડિજિટલ ઈનોવેશન એલાયન્સ ..... 12
- આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ ..... 13
- QUESTION ANSWERS ..... 16

**03 JAN-2023**

- ભારતીય ખેલાડીઓ માટે BCCIનો નવો સિલેક્શન માપદંડ : DEXA ..... 17
- કર્ણાટક - મહારાષ્ટ્ર સરહદી વિવાદ ..... 17
- ઓનલાઈન ગેમિંગ માટે ડ્રાફ્ટ નિયમો (Draft Rules for Online Gaming) ..... 20
- QUESTION ANSWERS ..... 24

**04 JAN-2023**

- દિવસ મહિમા : 04 જાન્યુઆરી, વિશ્વ બ્રેઈલ દિવસ (World Braille Day) ..... 25
- નોટબંધી યોગ્ય : સુપ્રીમનો 4:1થી ચૂકાદો ..... 25
- National Exit Test (NExT) ..... 29
- QUESTION ANSWERS ..... 31

**05 JAN-2023**

- 108મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ (Indian Science Congress) ..... 32
- સિયોમ પુલ : અરૂણાચલ પ્રદેશ ..... 32
- બ્રોડકાસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ નેટવર્ક ડેવલપમેન્ટ (BIND) યોજના ..... 33
- QUESTION ANSWERS ..... 35

**06 JAN-2023**

- દિવસ મહિમા : 06 જાન્યુઆરી, વિશ્વ યુદ્ધ અનાથ દિવસ ..... 36
- રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ રાજસ્થાનમાં સંવિધાન ગાર્ડનનું ઉદ્‌ઘાટન કર્યુ ..... 36
- પારસનાથ ટેકરી અને શેત્રુંજય ટેકરી ..... 36
- QUESTION ANSWERS ..... 42

**07 JAN-2023**

- સાહિત્ય અકાદમી પુરસ્કાર - 2022 ..... 43
- QUESTION ANSWERS ..... 48

**ONE LINER** ..... 49

**QUESTION OF THIS WEEK** ..... 54



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 01 જાન્યુઆરી, Global Family Day




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 જાન્યુઆરીના રોજ 'વૈશ્વિક પરિવાર દિવસ' અથવા 'Global Family Day' તરીકે ઉજવણી કરવામાં આવે છે.

- 'વૈશ્વિક પરિવાર દિવસ'ને વૈશ્વિક શાંતિ દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ પરિવારના લોકોને એક સાથે લાવવા અને સંયુક્ત સમાજની રચના કરવાનો છે.
- વર્ષ 1997માં સંયુક્ત રાષ્ટ્રએ 'વૈશ્વિક પરિવાર દિવસ'ની ઉજવણીની ઘોષણા કરી હતી.
- નવા વર્ષની શરૂઆત સાથે જ લોકો તેમના પરિવારને સંપૂર્ણ દિવસ આપીને આ દિવસની ઉજવણી કરે છે.

## Lion@47 : Vision For Amrutkal



તાજેતરમાં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન રાજ્યમંત્રી શ્રી અશ્વિની કુમાર ચૌબે દ્વારા 'Lion@47 : Vision For Amrutkal' નામનો પ્રોજેક્ટ લાયન દસ્તાવેજ લોન્ચ કરવામાં આવ્યો છે.

- આ યોજના પ્રોજેક્ટ સિંહનો એક ભાગ છે અને સિંહોની વધતી જતી વસતીનું સંચાલન કરવા માટે રહેઠાણોને સુરક્ષિત અને પુનઃસ્થાપિત કરવાનો હેતુ છે.
- તેનો ઉદ્દેશ્ય સ્થાનિક સમુદાયો માટે આજીવિકા પેદા કરવાનો, સિંહના રોગના નિદાન અને સારવાર પર જ્ઞાનનું વૈશ્વિક કેન્દ્ર સ્થાપિત કરવાનો અને સમાવિષ્ટ જૈવવિવિધતા સંરક્ષણને પ્રોત્સાહન આપવાનો છે.

### પ્રોજેક્ટ સિંહ વિશે

પ્રોજેક્ટ સિંહ (Project Lion) સંરક્ષણ અને પર્યાવરણ વિકાસને એકીકૃત કરીને ગુજરાતમાં એશિયાટિક સિંહના લેન્ડસ્કેપ ઈકોલોજી આધારિત સંરક્ષણની કલ્પના કરે છે.

### ઉદ્દેશ્યો

પ્રોજેક્ટ સિંહના ઉદ્દેશ્યો નીચે મુજબ છે :

(a) સિંહોના રહેઠાણને સુરક્ષિત અને પુનઃસ્થાપિત કરવા માટે તેની વધતી જતી વસતીનું સંચાલન કરવું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(b) આજીવિકાનું નિર્માણ અને સ્થાનિક સમુદાયોની ભાગીદારી વધારવી.

(c) મોટી બિલાડી (big cat)ના નિદાન અને સારવાર પર જ્ઞાનનું વૈશ્વિક હબ સ્થાપિત કરવું.

(d) પ્રોજેક્ટ સિંહ પહેલ દ્વારા સમાવેશી જૈવવિવિધતા સંરક્ષણ બનાવવું.

## અમલીકરણ અને ભંડોળ

પ્રોજેક્ટ લાયનનો અમલ ગુજરાત સરકાર અને સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી સહિત અન્ય હિતધારકો દ્વારા કરવામાં આવી રહ્યો છે. અને તેને કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે.

નોંધ : (1) પ્રોજેક્ટ લાયન ગુજરાતમાં ગીરના લેન્ડસ્કેપમાં અમલમાં આવી રહ્યો છે જે એશિયાટિક સિંહોનું છેલ્લું ઘર છે.

(2) છેલ્લા 3 વર્ષમાં કેન્દ્રીય પ્રાયોજિત યોજના (CSS) - 'વન્યજીવ આવાસનો વિકાસ' હેઠળ એશિયાટિક સિંહો સહિત વન્યજીવોના સંરક્ષણ માટે ગુજરાત રાજ્યને 124.58 લાખની સહાય પૂરી પાડવામાં આવી છે.

(3) વધુમાં એશિયાટિક લાયન કન્ઝર્વેશન પ્રોજેક્ટ હેઠળ 2018-19 દરમિયાન બહાર પાડવામાં આવેલી રૂ.1641.42 લાખની અનુદાનનું પુનઃપ્રમાણીકરણ પણ આ સમયગાળા દરમિયાન કરવામાં આવ્યું છે.

(4) સામાન્ય રીતે એશિયાટિક સિંહ જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાને અડીને આવેલા ગીરના જંગલમાં વસવાટ કરે છે. આ ઉપરાંત ક્યારેક ભાવનગર, બોટાદ, રાજકોટ, પોરબંદર અને જામનગરમાં પણ જોવા મળે છે.

(5) ગીરના જંગલ ઉપરાંત પોરબંદર જિલ્લામાં આવેલ બરડા વન્યજીવ અભયારણ્યને એશિયાટિક સિંહો માટે બીજા સંભવિત ઘર તરીકે ઓળખવામાં આવે છે.

## એશિયાટિક સિંહ

એશિયાઈ સિંહ એ બિલાડી કૂળનું સૌથી ઊંચુ અને વાઘ પછીનું સૌથી મોટું પ્રાણી છે.

- એશિયાઈ સિંહ માત્ર ભારત દેશના ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશમાં જ જોવા મળે છે.
- એક સમયે એશિયાઈ સિંહો મેસોપોટેમીયા, અરેબિયા, પર્શીયા અને ભારતીય ઉપખંડ સુધી ફેલાયેલા હતા. છેલ્લે સિંહની વસતી ઘટતા હવે તેઓ માત્ર ગીરના જંગલમાં જ જોવા મળે છે.
- હાલના સમયે સમગ્ર વિશ્વમાં ફક્ત બે જ જગ્યાએ સિંહ જોવા મળે છે. :

(1) ભારતમાં ગુજરાતના સૌરાષ્ટ્રમાં અને (2) આફ્રિકામાં

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સિંહ સંબંધિત પરીક્ષાલક્ષી કેટલીક માહિતી

- સિંહ ગુજરાત રાજ્યનું રાજ્યપ્રાણી છે.
- સિંહ મોટા ભાગે સુર્યાસ્ત પછીના એક કલાકમાં ગર્જના કરતા હોય છે.
- સિંહના ચાર પગના કુલ 18 નખ(નહોર) હોય છે.
- સિંહના સમૂહને 'પ્રાઈડ' તરીકે ઓળખવામાં આવે છે.
- સિંહના બચ્ચાને 'કબ'(Cub) તરીકે ઓળખવામાં આવે છે. (તેમના બચ્ચાને સરાયું અથવા ભુરડું પણ કહેવાય છે.)
- સિંહ અને સિંહણમાંથી સામાન્ય સંજોગોમાં શિકાર ઉપર પ્રથમ હુમલો સિંહણ કરે છે.
- સિંહનું સરેરાશ આયુષ્ય 18 વર્ષનું હોય છે.
- નર સિંહનું વજન લગભગ 150 થી 180 કિલો અને માદા સિંહનું વજન લગભગ 125 થી 135 કિલો હોય છે.
- સિંહણનો ગર્ભકાળ સામાન્ય રીતે 105 થી 110 દિવસનો હોય છે.
- સિંહનું વૈજ્ઞાનિક નામ 'Panthera Leo' છે.
- દર વર્ષે 10 ઓગસ્ટના રોજ 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નીલગીરી તહર પ્રોજેક્ટ (Nilgiri Tahar Project)

તમિલનાડુ સરકારે રાજ્યના નીલગીરી પ્રાણીના સંરક્ષણ માટે 'નીલગીરી તહર પ્રોજેક્ટ' શરૂ કર્યો છે.

### નીલગીરી તહર પ્રોજેક્ટ સંરક્ષણ શું છે ?

નીલગીરી તહર સંરક્ષણ પ્રોજેક્ટ તમિલનાડુ સરકાર દ્વારા કુલ રૂ.25.14 કરોડના ખર્ચ સાથે હાથ ધરવામાં આવ્યો છે.



- તેનો અમલ 2022 થી 2027 સુધી કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટ હેઠળ તમિલનાડુ રાજ્ય સરકાર સર્વેક્ષણો અને રેડિયો ટેલિમેટ્રી અભ્યાસો દ્વારા નીલગીરી તહરની વર્તમાન વસતીની સ્થિતિની સમજ સુધારવા માગે છે.
- આ પહેલનો હેતુ પ્રજાતિઓ વિશે જનજાગૃત્તિ વધારવાનો પણ છે.
- આ પ્રોજેક્ટને તમિલનાડુ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે.

## નીલગીરી તહર વિશે

નીલગીરી તહર એક અનગુલેટ છે જે કેરળ અને તમિલનાડુમાં પશ્ચિમ અને પૂર્વ ઘાટના દક્ષિણ ભાગમાં સ્થાનિક છે.

- તે મુખ્યત્વે નીલગીરી ટેકરીઓમાં જોવા મળે છે.
- નીલગીરી તહર એ તમિલનાડુ રાજ્યનું રાજ્ય પ્રાણી છે.
- તેને સ્થાનિક ભાષામાં 'વરૈયાડુ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભૂતકાળમાં આ પ્રજાતિ પશ્ચિમ ઘાટના સમગ્ર પ્રદેશમાં જોવા મળતી હતી. હાલમાં તે માત્ર નાના ખંડિત વિસ્તારોમાં જ જોવા મળે છે.
- IUCNમાં તેને લુપ્તપ્રાય પ્રજાતિ તરીકે સૂચિબદ્ધ કરવામાં આવી છે. તથા તે ભારતના 'વન્યજીવન (સંરક્ષણ) અધિનિયમ 1972'ની અનુસૂચિ 1 હેઠળ સુરક્ષિત છે.

## INS વાગીર (INS Vagir)



તાજેતરમાં પ્રોજેક્ટ 15-B હેઠળ બનેલી સ્કોર્પિયન ક્લાસની પાંચમી સબમરીન INS વાગીરને ભારતીય નૌકાદળને સોંપવામાં આવી છે.

- તે કલવરી વર્ગની ડીઝલ–ઈલેક્ટ્રિક સબમરીન યાર્ડ 11879 છે, જેને કાર્યરત થયા બાદ INS વાગીર નામ આપવામાં આવશે.
- આ સબમરીનનું નિર્માણ મુંબઈની 'મંઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ'(MDL) દ્વારા મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ અંતર્ગત થયું છે.
- INS વાગીર એ સ્કોર્પિયન ક્લાસ (અથવા તો વર્ગ કે શ્રેણી)ની પાંચમી સબમરીન છે.
- સ્કોર્પિયન ક્લાસમાં કુલ 6 સબમરીનનો સમાવેશ થાય છે.
- આ 6 સબમરીનના નિર્માણ માટે ભારત અને ફ્રાન્સ વચ્ચે કરાર થયા હતા.

- આ કરાર મુજબ આ 6 સબમરીનનું નિર્માણ ભારતમાં મંઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડમાં થશે. અને આ માટેની નિર્માણ ટેક્નોલોજી ફ્રાન્સની 'નેવલ ગ્રુપ' નામની કંપની દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- 'પ્રોજેક્ટ 75' હેઠળ આવરી લેવામાં આવેલી સ્કોર્પિયન વર્ગની સબમરીન 'ડીઝલ–ઈલેક્ટ્રિક પ્રોપલ્શન સિસ્ટમ' દ્વારા સંચાલિત છે.
- સ્કોર્પિયન ક્લાસની તમામ સબમરીન કોઈપણ આધુનિક સબમરીન દ્વારા કરવામાં આવતા તમામ કાર્યો કરવા માટે સક્ષમ છે.
- જેમાં એન્ટી સરફેશ તથા એન્ટી સબમરીન યુદ્ધ ક્ષમતાનો પણ સમાવેશ થાય છે.
- તે પાણીની અંદર અથવા સપાટી પર ટોર્પિડો અને ટ્યુબ દ્વારા લૉન્ચ કરવામાં આવેલી એન્ટિ–શિપ મિસાઈલોથી હુમલો કરી શકે છે.
- તે સપાટી વિરુદ્ધ યુદ્ધ, સબમરીન વિરોધી યુદ્ધ, ગુપ્ત માહિતી એકત્ર કરવા, વિસ્તાર સર્વેલન્સ વગેરે જેવા વિવિધ કાર્યો કરવા સક્ષમ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્કોર્પિયન ક્લાસ/વર્ગ/શ્રેણીની સબમીરન

| ક્રમ | નામ | લૉન્ચ | નૌકાદળમાં સમાવેશ | સ્ટેટસ |
|---|---|---|---|---|
| 1 | INS કલવરી | 2015 | 14 ડિસેમ્બર, 2017 | કાર્યરત |
| 2 | INS ખંડેરી | 12 જાન્યુઆરી, 2017 | 28 સપ્ટેમ્બર, 2019 | કાર્યરત |
| 3 | INS કરંજ | 31 જાન્યુઆરી, 2018 | 10 માર્ચ, 2021 | કાર્યરત |
| 4 | INS વેલા | 6 મે, 2019 | નવેમ્બર, 2021 | કાર્યરત |
| 5 | INS વાગીર | 12 નવેમ્બર, 2020 | – | ભારતીય નૌકાદળને સોંપવામાં આવી |
| 6 | INS વાગશીર | 20 એપ્રિલ, 2022 | – | લૉન્ચ |

**નોંધઃ** (1) તેનું નામ હિંદ મહાસાગરની ઊંડા દરિયાઈ શિકારી પ્રજાતિ સેન્ડફિશના નામ પરથી રાખવામાં આવ્યું છે.

(2) સ્કોર્પિયન ક્લાસની સબમરીનને અગાઉ 'કલવરી ક્લાસ'ની સબમરીન તરીકે પણ ઓળખવામાં આવતી હતી.

(3) INS Vagirમાં INSનું પૂરું નામ 'Indian Navy (અથવા તો Naval) Ship' છે.

(4) INS Vagir હાલમાં ભારતીય નૌકાદળને સોંપવામાં આવી છે. ટૂંક સમયમાં તેમને કાર્યરત કરવામાં આવશે.

## MDL

<u>મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ</u> અથવા તો <u>મઝગાંવ ડોક લિમિટેડ (MDL)</u> એ ભારતની જાહેર ક્ષેત્રની મુખ્ય જહાજ નિર્માણ કંપની છે.

- તે ભારતીય નૌસેનાની જરૂરિયાતો પૂરી કરી છે.
- આ કંપની મહારાષ્ટ્રના મુંબઈના મઝગાંવ ખાતે આવેલી છે.

## કાઝિંદ-22 (KAZIND-22) : ભારત કઝાકિસ્તાન સંયુક્ત યુદ્ધ અભ્યાસ



તાજેતરમાં <u>ભારત અને કઝાકિસ્તાન</u> વચ્ચે સંયુક્ત તાલીમ કવાયત '<u>KAZIND-22</u>'ની <u>છઠ્ઠી આવૃત્તિ મેઘાલયના ઉમરોઈ</u> ખાતે યોજાઈ હતી.

- KAZIND એ <u>કઝાકિસ્તાન આર્મી</u> સાથેની સંયુક્ત વાર્ષિક તાલીમ કવાયત છે. અને તેની સ્થાપના વર્ષ <u>2016</u>માં <u>એક્સરસાઈઝ પ્રબલ દોસ્તિક</u> તરીકે કરવામાં આવી હતી.
- જેને પાછળથી કંપની સ્તરની કવાયતમાં અપગ્રેડ કરવામાં આવી હતી. અને વર્ષ <u>2018</u>માં તેનું નામ '<u>KAZIND અભ્યાસ</u>' રાખવામાં આવ્યું હતું.
- આ અભ્યાસનો ઉદ્દેશ્ય સકારાત્મક સૈન્ય સંબંધો બાંધવા, એકબીજાની પ્રથાઓને આત્મસાત કરવી અને અર્ધ શહેરી/જંગલ પરિદૃશ્યમાં આતંકવાદ વિરોધી કામગીરી હાથ ધરતી વખતે સાથે કામ કરવાની ક્ષમતાને પ્રોત્સાહન આપવાનો છે.



1. કયા દિવસના રોજ 'વૈશ્વિક પરિવાર દિવસ' અથવા 'Global Family Day' તરીકે ઉજવણી કરવામાં આવે છે ?

(A) 1 જાન્યુઆરી (B) 2 જાન્યુઆરી (C) 3 જાન્યુઆરી (D) 4 જાન્યુઆરી — (A)

2. તાજેતરમાં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન રાજ્યમંત્રી શ્રી અશ્વિની કુમાર ચૌબે દ્વારા _____ નામનો પ્રોજેક્ટ લાયન દસ્તાવેજ લોન્ચ કરવામાં આવ્યો હતો.

(A) Lion@47 : Vision For Amrutkal

(B) Gir@2023 : Vision For Amrutkal

(C) Savaj@23 : Vision For Amrutkal

(D) Lion@22/23 : Vision For Amrutkal — (A)

3. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે 'નીલગીરી તહર પ્રોજેક્ટ' (Nilgiri Tahar Project) શરૂ કર્યો છે ?

(A) પશ્ચિમ બંગાળ (B) ઓડિશા (C) ઉત્તરાખંડ (D) તમિલનાડુ — (D)

4. તાજેતરમાં ભારતીય નૌકાદળને 'INS વાગીર' (INS Vagir) સબમરીન સોંપવામાં આવી છે. આ 'INS વાગીર' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે પ્રોજેક્ટ 15B હેઠળ બનેલી સ્કોર્પિયન ક્લાસની પાંચમી સબમરીન છે.
2. આ સબમરીનના નિર્માણ અને ટેક્નોલોજી સહાય માટે ભારત અને જર્મનીની Menex કંપની સાથે કરાર થયો હતો.
3. આ સબમરીનનું નિર્માણ મુંબઈની 'મંઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ' (MDL) દ્વારા મેક ઈન્ડિયા પ્રોજેક્ટ અંતર્ગત થયું છે.
4. આ સબમરીનમાં એન્ટિ સરફેશ તથા એન્ટી સબમરીન યુદ્ધ ક્ષમતાનો પણ સમાવેશ થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 — (B)

5. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત 'KAZIND-22' યોજાઈ હતી ?

(A) ભારત–કઝાકિસ્તાન (B) ભારત–તઝાકિસ્તાન

(C) ભારત–કિર્ગિસ્તાન (D) ભારત–તુર્કમેનિસ્તાન — (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાહિત્ય ગૌરવ પુરસ્કાર-2021 અને યુવા ગૌરવ પુરસ્કાર 2021

તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2021ના 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' અને 'યુવા ગૌરવ પુરસ્કાર'ની જાહેરાત કરવામાં આવી છે.

- ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2021ના 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' માટે પ્રસિદ્ધ ગુજરાતી વાર્તાકાર શ્રી મોહન પરમારની પસંદગી કરવામાં આવી છે.
- જ્યારે વર્ષ 2021ના 'યુવા ગૌરવ પુરસ્કાર' માટે શ્રી રામ મોરીની પસંદગી કરવામાં આવી છે.

### શ્રી મોહન પરમાર

- જન્મ : 15 માર્ચ, 1948
- જન્મ સ્થળ : ભાસરીયા, મહેસાણા
- પિતાનું નામ : શ્રી અંબાલાલ
- માતાનું નામ : સુશ્રી મંછીબેન



શ્રી મોહનભાઈ પરમારનો જન્મ 15 માર્ચ, 1948ના રોજ મહેસાણા જિલ્લાના ભાસરીયા ગામમાં થયો હતો.

- તેમનું પૂરું નામ શ્રી મોહનભાઈ અંબાલાલ પરમાર છે.
- તેઓ ટૂંકી વાર્તા લેખક, નવલકથાકાર અને વિવેચક છે.
- તેમણે પ્રાથમિક શિક્ષણ ભાસરીયા પ્રાથમિક શાળામાંથી પૂર્ણ કર્યું હતું. ત્યારબાદ માધ્યમિક શિક્ષણ લીંચ અને આંબલીયાસન ગામમાં પૂર્ણ કર્યુ હતું.
- તેઓ 1982માં ગુજરાતી સાહિત્ય સાથે મહેસાણા કોલેજમાંથી સ્નાતક થયા હતા.
- તેમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી 1984માં એમ.એ.પૂર્ણ કર્યુ હતું.
- તથા ચંદ્રકાંત ટોપીવાલાના માર્ગદર્શન હેઠળ 1994માં 'સુરેશ જોશી' પછીની ટૂંકી વાર્તાના વિશિષ્ટ આયામ વિષય પર શોધનિબંધ તૈયાર કર્યો હતો.
- તેમનો પ્રથમ લઘુ વાર્તા સંગ્રહ કોલાહલ 1980માં પ્રકાશિત થયો હતો.

## શ્રી મોહન પરમારની મહત્વની કૃતિઓ

⇛ **વાર્તા સંગ્રહ** : કોલાહલ, નકલંક, કુમ્ભી, પોઠ, આંચળો

⇛ **નવલકથા** : ભેખડ, વિકીયા, કાળગ્રસ્ત, પ્રાપ્તિ, નોળિયુ, પ્રિયતમા, અષ્ટફળ, દયા પશાની વાડી, લુપ્તવેઘ

⇛ **નાટક** : બહિષ્કાર

⇛ **વિવેચન** : સંવિત્તિ, અણસાર

**નોંધ :** (1) શ્રી મોહનભાઈ પરમારને વર્ષ 2011માં ગુજરાતી ભાષા માટેનો 'સાહિત્ય અકાદમી એવોર્ડ' મળ્યો હતો.

(2) તેઓ અગાઉ હરીશ મંગલમ સાથે ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી સામયિક હયાતીના સંપાદક હતા.

(3) તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદના માસિક સામયિક પરબના નાયબ સંપાદક તરીકે સેવા આપી હતી.

(4) આ ઉપરાંત તેમને ઉમા–સ્નેહરશ્મિ પુરસ્કાર (2000-01), સંત કબીર એવોર્ડ (2003) અને પ્રેમાનંદ સુવર્ણચંદ્રક (2011) જેવા પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

(5) તેઓ ગુજરાત મેરિટાઈમ બોર્ડ, ગાંધીનગરના નિવૃત્ત પ્રશાસનિક અધિકારી છે.

## શ્રી રામ મોરી

- જન્મ : 02 ફેબ્રુઆરી, 1993
- જન્મ સ્થળ : મોટા સુરકા, સિહોર, ભાવનગર
- પિતાનું નામ : શ્રી ભાવસંગભાઈ મોરી
- માતાનું નામ : સુશ્રી તેજલબા



શ્રી રામ મોરીનો જન્મ 2 ફેબ્રુઆરી, 1993ના રોજ ભાવનગર જિલ્લાના મોટા સુરકા ગામમાં થયો હતો.

- તેમનું પૂરું નામ શ્રી રામ ભાવસંગભાઈ મોરી છે.
- તેમણે ફેબ્રિકેશન એન્જિનિયરિંગમાં પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો છે.
- તેઓ ગુજરાતના ટૂંકી વાર્તા લેખક, પટકથા લેખક અને કટાર લેખક છે.
- તેઓ મુખ્યત્વે સૌરાષ્ટ્રના ગ્રામીણ જીવનને દર્શાવતી ટૂંકી વાર્તાઓ માટે જાણીતા છે.
- તેમણે 17 વર્ષની ઉંમરે ટૂંકી વાર્તાઓ લખવાનું શરૂ કર્યુ હતું. તેમની વાર્તાઓ શબ્દ સૃષ્ટિ, નવનીત સમર્પણ, એતાદ, તથાપી અને શબ્દસાર જેવા ગુજરાતી સાહિત્યિક સામયિકોમાં પ્રકાશિત કરવામાં આવી છે.
- તેમણે TV9 ગુજરાત, કલર્સ ગુજરાતી અને વિજયગીરી ફિલ્મ સાથે પણ કામ કર્યુ છે.

- તેમણે દિવ્ય ભાસ્કરમાં સાપ્તાહિક કોલમ 'મુકામ વાર્તા' અને મુંબઈ સમાચારમાં 'ધ કન્ફેશન બોક્સ' લખી હતી.
- 'મહોતું' એ તેમની ટૂંકી વાર્તાનો સંગ્રહ છે, જેને વર્ષ 2017માં સાહિત્ય અકાદમીનો યુવા પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

## શ્રી રામ મોરીની પ્રસિદ્ધ કૃતિઓ

| | | |
|---|---|---|
| ⇛ લઘુવાર્તા સંગ્રહ | : | મહોતું |
| ⇛ ટૂંકીવાર્તા સંગ્રહ | : | કોફી સ્ટોરીઝ |
| ⇛ પત્રવાર્તા સંગ્રહ | : | કન્ફેશન બોક્સ |
| ⇛ ફિલ્મ લેખક | : | મોન્ટુની બીટ્ટુ, 21મું ટિફિન, મારા પપ્પા સુપરહિરો |

નોંધ : (1) દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા તેમને વર્ષ 2016માં ઓલ ઈન્ડિયન યંગ રાઈટર્સ મીટમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું.

(2) તેમની ટૂંકી વાર્તા મહોતું માટે સાહિત્ય અકાદમીનો યુવા પુરસ્કાર (2017) પ્રાપ્ત થયો હતો.

(3) વર્ષ 2017માં નાનાભાઈ જેબલિયા સ્મૃતિ સાહિત્ય પુરસ્કાર પણ મળ્યો હતો. તથા ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી તેમને તેમના પુસ્તક મહોતું માટે વર્ષ 2016માં ત્રીજું ઈનામ મળ્યુ હતું.

## સાહિત્ય ગૌરવ પુરસ્કાર

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા દર વર્ષે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દુ અને કચ્છી એમ કુલ છ ભાષામાં મહત્વનું પ્રદાન કરનાર મૂર્ધન્ય (એટલે કે ટોચના) સાહિત્યકારોને 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવે છે.

- આ અંતર્ગત ગુજરાતી સાહિત્યમાં ઉત્કૃષ્ટ પ્રદાન માટે શ્રી મોહન પરમારને વર્ષ 2021નો આ પુરસ્કાર એનાયત થયો છે.
- આ પુરસ્કાર અંતર્ગત વિજેતા સાહિત્યકારને એક પ્રતિમા, શાલ અને રૂ.1 લાખ રોકડ પુરસ્કાર અર્પણ કરવામાં આવે છે.
- વર્ષ 1983માં સૌપ્રથમ વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને આ પુરસ્કાર એનાયત થયો હતો.

નોંધ : (1) વર્ષ 1985માં શ્રી ઉમાશંકર જોષીને આ પુરસ્કાર એનાયત થયો હતો, પરંતુ તેમણે આ પુરસ્કાર સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો.

(2) વર્ષ 2020નો શ્રી મધુસૂદન વલ્લભદાસ ઠાકર (મધુરાય)ને આ પુરસ્કાર એનાયત થયો હતો.

## યુવા ગૌરવ પુરસ્કાર

યુવા ગૌરવ પુરસ્કાર 'ગુજરાતી સાહિત્ય અકાદમી' દ્વારા ગુજરાતી લેખકોને અપાતો સાહિત્યનો પુરસ્કાર છે.

- આ પુરસ્કારની સ્થાપના વર્ષ 2007માં યુવાન ગુજરાતી લેખકોને પ્રોત્સાહન આપવા માટે થઈ હતી.
- યુવા ગૌરવ પુરસ્કારમાં પ્રમાણપત્ર, શાલ અને રૂ.50,000ની રોકડ રકમ એનાયત કરવામાં આવે છે.

નોંધ : (1) વર્ષ 2007માં સૌપ્રથમ શ્રી સૌમ્ય જોષીને આ પુરસ્કાર એનાયત થયો હતો.

(2) વર્ષ 2020નો યુવા ગૌરવ પુરસ્કાર સુશ્રી રીન્કુ રાઠોડને એનાયત થયો હતો.

# સ્ટે સેફ ઓનલાઈન અને G20 ડિજિટલ ઈનોવેશન એલાયન્સ

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (Meity)એ ભારતના G20 અધ્યક્ષપદના ભાગરૂપે 'સ્ટે સેફ ઓનલાઈન' અભિયાન અને 'G20 ડિજિટલ ઈનોવેશન એલાયન્સ' (G20-DIA)ની શરૂઆત કરી છે.

## સ્ટે સેફ ઓનલાઈન અભિયાન

'સ્ટે સેફ ઓનલાઈન' અભિયાનનો હેતુ સોશિયલ મીડિયા પ્લેટફોર્મના વ્યાપક ઉપયોગ અને ડિજિટલ પેમેન્ટના ઝડપી સ્વીકારને કારણે નાગરિકોમાં ઓનલાઈન વિશ્વમાં સુરક્ષિત રહેવા માટે જાગૃતિ લાવવાનો છે.

- ભારતમાં ઈન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યામાં ઝડપી વૃદ્ધિ અને ઝડપથી વિકસતી ટેક્નોલોજી લેન્ડસ્કેપ અનોખા પડકારો રજૂ કરે છે.
- આ અભિયાન તમામ વયજૂથના નાગરિકોને ખાસ કરીને બાળકો, વિદ્યાર્થીઓ, મહિલાઓ વરિષ્ઠ નાગરિકો, અલગ–અલગ–વિકલાંગ, શિક્ષકો, કેન્દ્ર અથવા રાજ્ય સરકારોના અધિકારીઓ વગેરેને સાયબર ધમકીઓ અને તેમની સાથે વ્યવહાર કરવાની રીતો વિશે જાગૃત કરશે.
- વધુમાં વધુ લોકો સુધી પહોંચવા માટે આ અભિયાન અંગ્રેજી, હિન્દી અને સ્થાનિક ભાષાઓમાં ચલાવવામાં આવશે.
- અભિયાનમાં ઈન્ફોગ્રાફિક્સ, કાર્ટૂન વાર્તાઓ, કોયડાઓ, ટૂંકા વીડિયો વગેરેના રૂપમાં બહુભાષી જાગરૂકતા સામગ્રીના પ્રસારનો સમાવેશ થાય છે.

## G20 ગ્લોબલ ડિજિટલ ઈનોવેશન એલાયન્સ પ્રોગ્રામ (G20-DIA)

તેનો હેતુ G20 દેશો તેમજ બિન–સદસ્ય દેશોને સ્ટાર્ટઅપ્સ દ્વારા વિકસિત નવીન અને પ્રભાવશાળી ડિજિટલ તકનીકોને ઓળખવા અને અપનાવવા સક્ષમ બનાવવાનો છે.

- તે છ મહત્વના ક્ષેત્રોમાં માનવતાની જરૂરિયાતોને પૂર્ણ કરવાની પરિકલ્પના કરે છે.

- ડિજિટલ પબ્લિક ગુડ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા સક્ષમ આ છ ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપ પ્રોડક્ટ્સ વૈશ્વિક વસતી–સ્કેલ પર અસર ઊભી કરી શકે છે. અને ડિજિટલ વિભાજ્યને ઓછું કરી શકે છે. તથા ટકાઉ અને સમાવિષ્ટ તકનીકી સામાજિક–આર્થિક વિકાસને સક્ષમ કરે છે.
- ઈનોવેટર્સ, ઉદ્યોગસાહસિકો, સ્ટાર્ટઅપ્સ, કોર્પોરેશનો, રોકાણકારો, માર્ગદર્શકો અને અન્ય ઈકોસિસ્ટમ હિસ્સેદારોની સંલગ્નતા એ પ્લેટફોર્મને ઝડપથી અપનાવવા તરફ દોરી જશે જે ભારત **G20** ડિજિટલ ઈનોવેશન એલાયન્સ **(G20-DIA)** દ્વારા રજૂ કરવાની યોજના ધરાવે છે.

## આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ

ભારતે <u>આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ **2023**</u>ને <u>'વૈશ્વિક પોષક અનાજ હબ' **(Global Hub For Millets)**</u> (અથવા બાજરી માટે વૈશ્વિક હબ) તરીકે સ્થાપિત કરવાના વિઝનને શેર કર્યુ છે.

### આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ




વર્ષ **2023**માં <u>'આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ'</u> અથવા <u>'આંતરરાષ્ટ્રીય પૌષ્ટિક અનાજ વર્ષ'</u> <u>**(International Year of Millets - IYM)**</u> ઉજવવાના ભારતના પ્રસ્તાવને વર્ષ <u>**2018**</u>માં <u>ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન **(FAO)**</u> દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

- અને <u>યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી</u>એ <u>વર્ષ **2023**</u>ને આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ તરીકે જાહેર કર્યુ હતું.
- તેને સંયુક્ત રાષ્ટ્રના એક ઠરાવ દ્વારા અપનાવવામાં આવ્યું હતું. અને ભારતની આગેવાની હેઠળ **70**થી વધુ દેશો દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું.

**નોંધ :** અહીં ખાસ નોંધવું કે ઘણા સમાચાર પત્રો, મેગેઝિન અને વેબસાઈટોમાં આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષને 'બાજરીનું આંતરરાષ્ટ્રીય વર્ષ' અને 'આંતરરાષ્ટ્રીય મોટા અનાજ વર્ષ તરીકે પણ વર્ણાવ્યુ છે. જે બંનેનો અર્થ એક જ થાય છે.

### ઉદ્દેશ્ય

**(a)** ખાદ્ય સુરક્ષા અને પોષણમાં પોષક અનાજ/બાજરી/બરછટ અનાજ/મોટા અનાજના યોગદાન વિશે જાગૃતિ ફેલાવવી.

**(b)** પોષક અનાજના ટકાઉ ઉત્પાદન અને ગુણવત્તા સુધારણા માટે હિતધારકોને પ્રોત્સાહિત કરવા.

**(c)** ઉપરોક્ત બે ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવા માટે સંશોધન અને વિકાસ તથા વિસ્તરણ સેવાઓમાં રોકાણ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું.

## પૌષ્ટિક અનાજ/બાજરી/બરછટ અનાજ

પૌષ્ટિક અનાજ એ એક સામૂહિક શબ્દ છે જે સંખ્યાબંધ નાના–બીજવાળા પાકોનો ઉલ્લેખ કરે છે.

- જે મુખ્યત્વે સમશીતોષ્ણ, ઉષ્ણકટિબંધીય પ્રદેશો અને સૂકા વિસ્તારોમાં સીમાંત જમીન પર ખાદ્ય પાક તરીકે ઉગાડવામાં આવે છે.
- ભારતમાં ઉપલબ્ધ કેટલાક સામાન્ય પાકોમાં બાજરી, રાગી, જુવાર, સમા (નાનો બાજરો), વરીગા (પ્રોસો બાજરો) વગેરેનો સમાવેશ થાય છે.
- આ ઉપરાંત સાવન, કંગની, ચીના, કોડો, કુટકી અને કુટ્ટુનો પણ સમાવેશ થાય છે.
- બરછટ અનાજ વર્ષોથી ખોરાકનો મુખ્ય સ્ત્રોત છે. પ્રાચીનકાળથી માનવજાત જે ખાદ્યપદાર્થોથી વાકેફ છે તે જુવાર અને બાજરી જેવા બરછટ અનાજ છે.
- સિંધુ ખીણની સંસ્કૃતિ દરમિયાન પણ બાજરીની ખેતી જોવા મળે છે.
- લગભગ 131 દેશોમાં તેને ઉગાડવામાં આવે છે, તે એશિયા અને આફ્રિકાના લોકો માટે પરંપરાગત ખોરાક છે.
- ભારત વિશ્વનો સૌથી મોટો બાજરી ઉત્પાદક દેશ પણ છે. સૌથી વધુ બરછટ અનાજ આસામ અને બિહારમાં વપરાય છે.
- ભારત, નાઈજીરિયા અને ચીન વિશ્વમાં બાજરીના સૌથી મોટા ઉત્પાદક છે, જે વૈશ્વિક ઉત્પાદનમાં 55%થી વધુ હિસ્સો ધરાવે છે.
- તાજેતરના વર્ષોમાં આફ્રિકામાં બાજરીના ઉત્પાદનમાં પ્રભાવશાળી વધારો થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહત્વ

ઘઉં અને ચોખા કરતા બાજરી ઓછી કિંમત અને પોષણ દૃષ્ટિએ સારી છે.

- કારણ કે તેમાં પ્રોટીન, ફાઈબર, વિટામિન્સ અને આયર્ન જેવા ખનીજ વધારે હોય છે.
- તેમાં કેલ્શિયમ અને મેગ્નેશિયમ ભરપૂર માત્રામાં હોય છે. ઉદાહરણ તરીકે રાગી તમામ અનાજમાં સૌથી વધુ કેલ્શિયમ સ્ત્રોત ધરાવે છે.
- બાજરી પોષક સુરક્ષા પૂરી પાડે છે અને ખાસ કરીને બાળકો અને સ્ત્રીઓમાં પોષણની ઉણપ સામે ઢાલ તરીકે કામ કરે છે.
- તેમાં હાજર આયર્નનું ઊંચું પ્રમાણ ભારતમાં સ્ત્રીઓના પ્રજનન સમયગાળા દરમિયાન શિશુઓ અને બાળકોમાં એનિમિયાના ઉચ્ચ વ્યાપને રોકવા સક્ષમ છે.

- તે સ્થૂળતા અને ડાયાબિટીસ જેવા આરોગ્યના પડકારો જેવી જીવનશૈલીની સમસ્યાઓ સામે લડવામાં મદદ કરે છે. કારણ કે તે ગ્લુટેન મુક્ત છે અને નીચા ગ્લાયકેમિક ઈન્ડેક્સ ધરાવે છે.
- બરછટ અનાજથી પાણીની બચત સારી થાય છે. ઘઉં અને ચોખા કરતા ઘણું ઓછું પાણી વાપરે છે.
- બરછટ અનાજને વધારે પાણી–સિંચાઈની જરૂર પડતી નથી. ઊંચા તાપમાને પણ સરળતાથી ઊગાડી શકાય છે.
- આ ઉપરાંત તેમાં ઓછો રોગ આવે છે તથા યુરિયા કે અન્ય રસાયણોની જરૂર નથી, પર્યાવરણ માટે વધુ સારા છે.

ICE FOR COMPETITIVE EXAMS ®



**1.** તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2021ના 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' માટે કોની પસંદગી કરવામાં આવી છે ?

(A) શ્રી મનોજ પરમાર (B) શ્રી મોહન પરમાર (C) શ્રી વિનોદ પરમાર (D) શ્રી પ્રશાંત પરમાર **(B)**

**2.** પ્રસિદ્ધ વાર્તા લેખક અને નવલકથાકાર શ્રી મોહનભાઈ પરમારનું જન્મ સ્થળ જણાવો ?

(A) ભાસરીયા, મહેસાણા (B) ભાસરીયા, પાટણ

(C) ભાસરીયા, ભરૂચ (D) ભાસરીયા, નવસારી **(A)**

**3.** તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2021ના 'યુવા ગૌરવ પુરસ્કાર' માટે કોની પસંદગી કરવામાં આવી છે ?

(A) શ્રી રામ મોરી (B) શ્રી ગિરિશ પરમાર (C) શ્રી સાગર શાહ (D) શ્રી જીગર જોષી **(A)**

**4.** તાજેતરમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયએ ભારતના G20 અધ્યક્ષપદના ભાગરૂપે 'સ્ટે સેફ ઓનલાઈન' અભિયાન અને 'G20 ડિજિટલ ઈનોવેશન એલાયન્સ'ની શરૂઆત કરી છે. જેમાં 'સ્ટે સેફ ઓનલાઈન' અભિયાન વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ અભિયાનનો હેતુ સોશિયલ મીડિયા પ્લેટફોર્મના વ્યાપક ઉપયોગ અને ડિજિટલ પેમેન્ટના ઝડપી સ્વીકારને કારણે નાગરિકોમાં ઓનલાઈન વિશ્વમાં સુરક્ષિત રહેવા માટે જાગૃતિ લાવવાનો છે.

(B) આ અભિયાન ભારતના પૂર્વોત્તર રાજ્યમાંથી યુવા સંશોધનકર્તાને અવકાશ ટેક્નોલોજી ક્ષેત્રે આગળ વધવા માટે પ્રોત્સાહિત કરશે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(A)**

**5.** તાજેતરના દિવસોમાં 'બરછટ અનાજ' શબ્દ વધારે પડતો સમાચારોમાં જોવા મળે છે. બરછટ અનાજમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

(A) રાગી (B) જૂવાર (C) બાજરી (D) ઉપરોક્ત તમામ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતીય ખેલાડીઓ માટે BCCIનો નવો સિલેક્શન માપદંડ : DEXA

1 જાન્યુઆરી, 2023ના રોજ BCCI (Board of Control for Cricket in India)એ જાહેરાત કરી હતી કે ભારતીય ખેલાડીઓની રાષ્ટ્રીય ટીમમાં પસંદગી કરવા માટે 'ડેક્સા બોન ડેન્સિટી' (Dexa bone density test) ફરજિયાત રહેશે.

- આ ઉપરાંત 2023 ODI વર્લ્ડ કપ માટે ટીમની તૈયારીના ભાગરૂપે યો–યો ટેસ્ટ પણ હશે.



### Dexa શું છે ?

Dexa, જેને બોન ડેન્સિટી ટેસ્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તે એક એક્સ–રે તકનીક છે જે હાડકાની મજબૂતાઈને માપે છે.
- તે એ ઓળખવામાં મદદ કરી શકે છે કે શું કોઈ વ્યક્તિને હાડકા તૂટવાનું કે ગુમ થવાનું જોખમ છે, અને તેનો ઉપયોગ તે નક્કી કરવા માટે થઈ શકે છે કે ખેલાડીને શરીરના કોઈપણ ભાગમાં ફ્રેક્ચર થવાનું જોખમ છે કે કેમ.
- Dexa શરીરની રચનાને પણ માપી શકે છે અને શરીરની ચરબી અને સ્નાયૂ સમૂહને રેકોર્ડ કરી શકે છે.

### Dexa ટેસ્ટ શું છે ?

Dexa અથવા Dual-Energy X-ray Absorptiometry સ્પેક્ટ્રલ ઈમેજિંગનો ઉપયોગ કરીને અસ્થિ ખનિજ ઘનતા નક્કી કરવા માટેની એક પદ્ધતિ છે.

- વિવિધ ઊર્જા સ્તરો પર બે એક્સ–રે બીમ હાડકા પર નિર્દેશિત કરવામાં આવે છે.
- અને પરિણામી ચાર્ટ અસ્થિની વર્તમાન અસ્થિ ઘનતા અને ખનીજ સામગ્રી દર્શાવે છે.

### મહત્વ

ભારતીય રાષ્ટ્રીય ટીમમાં પાછા ફરવાનું લક્ષ્ય રાખતા ઈજાગ્રસ્ત ખેલાડીઓ માટે ડેક્સા ટેસ્ટ મહત્વપૂર્ણ છે કારણ કે તેમની હાડકાની મજબૂતાઈ અને ખનીજ ઘનતા નક્કી કરવામાં મદદ કરી શકે છે.

- જ્યારે ખેલાડીઓ ઈજાગ્રસ્ત થાય છે ત્યારે તેમના હાડકાની ખનિજ ઘનતા નોંધપાત્ર રીતે ઘટી શકે છે.

## કર્ણાટક - મહારાષ્ટ્ર સરહદી વિવાદ

મહારાષ્ટ્ર અને કર્ણાટક વચ્ચેના સરહદ વિવાદની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બંને રાજ્યોએ વિવાદના ઉકેલ માટે કાનૂની લડાઈને સમર્થન આપતો સર્વસંમતિથી ઠરાવ પસાર કર્યો છે.

## મહારાષ્ટ્ર-કર્ણાટક સરહદ વિવાદ વિશે

ઉત્તર કર્ણાટકમાં બેલગાવી(બેલગામ), કારવાર અને નિપાનીનો સરહદ વિવાદ લાંબા સમયથી ચાલતો આવે છે.




- વર્ષ 1956ના રાજ્ય પુનર્ગઠન અધિનિયમ અનુસાર જ્યારે રાજ્યની સીમાઓ ભાષાકીય આધાર પર નિર્ધારિત કરવામાં આવી હતી ત્યારે બેલગાવી અગાઉના મૈસૂર રાજ્યનો એક ભાગ બન્યો હતો.
- મહારાષ્ટ્ર દાવો કરે છે કે બેલગાવી અથવા બેલગામના કેટલાક ભાગો જ્યાં મરાઠી પ્રબળ ભાષા છે તે મહારાષ્ટ્ર હેઠળ હોવા જોઈએ.
- ઓક્ટોબર, 1966માં કેન્દ્રએ મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરળમાં સરહદ વિવાદોના ઉકેલ માટે ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ મેહરચંદ મહાજનની અધ્યક્ષતામાં મહાજન કમિશનની સ્થાપના કરી હતી.
- આ કમિશને બેલગામ અને 247 ગામોને કર્ણાટક હેઠળ રાખવાની ભલામણ કરી હતી.
- મહારાષ્ટ્રએ આ અહેવાલને નકારી કાઢ્યો હતો અને 2004માં તે અરજી સુપ્રીમ કોર્ટમાં ગઈ હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહારાષ્ટ્ર દાવાના આધાર


તેની સીમાને ફરીથી ગોઠવવા માટે મહારાષ્ટ્રનો દાવો સંલગ્નતા, સંબંધિત ભાષાકીય બહુમતી અને લોકોની ઈચ્છા પર આધારિત હતો.

- બેલગાવી અને આસપાસના વિસ્તારોમાં મરાઠી ભાષી લોકો અને ભાષાકીય એકરૂપતાના આધારે દાવાનું મુખ્ય કારણ કારવાર અને સુપા પ્રદેશોમાં મરાઠી બોલી તરીકે ટાંકવામાં આવેલી ભાષા કોંકણીનો ઉપયોગ છે.
- તેની દલીલ એ વિચાર પર કેન્દ્રિત હતી કે ગણતરી સમુદાયો પર આધારિત હોવી જોઈએ અને તે દરેક ગામમાં ભાષાકીય રહેવાસીઓની સંખ્યા/વસતી સૂચિબદ્ધ કરે છે.
- મહારાષ્ટ્રએ એ ઐતિહાસિક હકીકત તરફ પણ ધ્યાન દોર્યું હતું કે આ મરાઠી બોલતા વિસ્તારોના રેવન્યુ રેકોર્ડ પણ મરાઠીમાં છે.

## કર્ણાટકનું મંતવ્ય શું છે ?

"કર્ણાટક વિધાનસભામાં થોડા સમય પહેલા રજૂ થયેલી દરખાસ્તમાં કહેવામાં આવ્યું છે કે 'રાજ્યોની પુનઃરચના ભાષા આધારે થઈ છે. તે વખતે સરહદો પણ નક્કી થઈ ગઈ છે. કર્ણાટક મહારાષ્ટ્ર સાથે કોઈ સરહદી વિવાદ નથી ધરાવતું. જસ્ટિસ મહાજન પંચનો અહેવાલ અંતિમ છે."

# મહારાષ્ટ્ર-કર્ણાટક સરહદ વિવાદ




**નોંધ :** (1) બેલગામ કર્ણાટક રાજ્યના સૌથી જૂના શહેરોમાંનુ એક છે. તથા કર્ણાટક રાજ્યનો સૌથી મોટો જિલ્લો છે.

(2) તે મહારાષ્ટ્રમાં હતું ત્યારે બેલગાંવ હતું, ત્યારબાદ બેલગામ થયું અને કર્ણાટકમાં ભળ્યા પછી બેલગાંવી થયું હતું.

(3) બેલગામ આઝાદીના સમયમાં બોમ્બે સ્ટેટમાં હતું. પછી રાજ્યોનું સીમાંકન થયું તો મહારાષ્ટ્રનો આ જિલ્લો 1956માં કર્ણાટકમાં જતો રહ્યો હતો. અહીં મરાઠી અને કન્નડ ભાષા બોલવામાં આવે છે.

## સમસ્યાના નિવારણ માટે શું કરી શકાય ?

કોઈ બે રાજ્યો વચ્ચે વિવાદ ઉભો થાય ત્યારે તે વિવાદો ઘણીવાર બંને પક્ષોના સહકારથી ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવે છે.

- જેમાં કેન્દ્ર સરકાર એક સહાયક અથવા તટસ્થ મધ્યસ્થી તરીકે કામ કરે છે.
- જો વિવાદનો શાંતિપૂર્ણ રીતે ઉકેલ લાવવામાં આવે તો સંસદ રાજ્યની સીમાઓને બદલવા માટે કાયદો લાવી શકે છે, જેમ કે બિહાર–ઉત્તર પ્રદેશ (સીમાઓનું પરિવર્તન) અધિનિયમ 1968 અને હરિયાણા–ઉત્તરપ્રદેશ (સીમાઓનું પરિવર્તન) અધિનિયમ, 1979.

- મહારાષ્ટ્ર–કર્ણાટક સરહદી વિવાદના પ્રશ્નનો ઉકેલ લાવવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે બંને રાજ્યોના મુખ્યંમત્રીઓને છ સભ્યોની સંયુક્ત સમિતિની રચના કરવા સૂચવ્યું હતું. (બંને સાઈડથી 3-3 સભ્યો)
- સુપ્રીમ કોર્ટ પણ તેના મૂળ અધિકારક્ષેત્ર હેઠળના રાજ્યો વચ્ચેના વિવાદોનું સમાધાન કરી શકે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 131 મુજબ ભારત સરકાર અને રાજ્ય વચ્ચે અથવા બે કે તેથી વધુ રાજ્યો વચ્ચેના કોઈપણ વિવાદને ઉકેલવા માટે સુપ્રીમ કોર્ટને મૂળઅધિકાર ક્ષેત્ર છે.
- બંધારણના અનુચ્છેદ 263માં રાષ્ટ્રપતિને રાજ્યો વચ્ચેના વિવાદોના ઉકેલ માટે આંતર–રાજ્ય પરિષદની રચના કરવાની સત્તા પણ આપવામાં આવી છે.
- પરિષદની કલ્પના રાજ્યો અને કેન્દ્ર વચ્ચે વાતચીત માટેના મંચના રૂપમાં કામ કરે છે.
- વર્ષ 1988માં સરકારિયા કમિશનને સૂચવ્યું કે પરિષદની રચના કાયમી સંસ્થા તરીકે થવી જોઈએ અને વર્ષ 1990માં તે રાષ્ટ્રપતિના આદેશ દ્વારા અસ્તિત્વમાં આવી હતી.

નોંધ : (1) કેન્દ્ર સરકારે ન્યાયમૂર્તિ આર. એસ. સરકારિયાની અધ્યક્ષતામાં વર્ષ 1988માં એક કમિશનની રચના કરવામાં આવી હતી.

(2) સરકારિયા કમિશને ભારતના બંધારણના અનુચ્છેદ 263 હેઠળ નિર્ધારિત આદેશના અનુસંધાનમાં પરામર્શ માટે સ્વતંત્ર રાષ્ટ્રીય મંચ તરીકે આંતર–રાજ્ય પરિષદની સ્થાપના કરવા માટે મહત્વપૂર્ણ ભલામણ કરી હતી.

(3) આંતર–રાજ્ય પરિષદને રાજ્યો વચ્ચે ઉદ્‌ભવતા વિવાદોની તપાસ અને સલાહ આપવા, કેટલાક અથવા બધા રાજ્યો અથવા કેન્દ્ર અને એક અથવા વધુ રાજ્યોના સામાન્ય હિતની બાબતોની તપાસ અને ચર્ચા કરવા માટે સત્તા આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓનલાઈન ગેમિંગ માટે ડ્રાફ્ટ નિયમો (Draft Rules for Online Gaming)



તાજેતરમાં ઈલેક્ટ્રોનિક્સ અને ટેક્નોલોજી મંત્રાલયે 'ઓનલાઈન ગેમિંગ માટે ડ્રાફ્ટ નિયમો' બહાર પાડ્યા છે.

- આ સૂચિત નિયમો 'માહિતી ટેક્નોલોજી (મધ્યસ્થ, માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા આચાર સંહિતા) નિયમો, 2021' (Information Technology (Intermediary Guidelines and Digital Media Ethics Code) Rules, 2021)માં સુધારા તરીકે રજૂ કરવામાં આવ્યા છે.
- આ સૂચિત નિયમોનો હેતુ ઓનલાઈન ગેમિંગને નિયંત્રિત કરવાનો છે. ભારતમાં ગેમિંગ ઉદ્યોગ અને વપરાશકર્તાઓ માટે સલામત અને વાજબી ગેમિંગ ઈકોસિસ્ટમ સુનિશ્ચિત કરે છે.

## ડ્રાફ્ટ નિયમો વિશે

### સ્વ-નિયમનકારી સંસ્થાઓ

- ઓનલાઈન ગેમ્સને સ્વ–નિયમનકારી સંસ્થામાં નોંધણી કરાવવી પડશે, અને ફક્ત તે જ રમતોને ભારતમાં કાયદેસર રીતે ચલાવવાની મંજૂરી આપવામાં આવશે જે સંસ્થાઓ દ્વારા મંજૂર કરવામાં આવી હોય.
- સ્વ–નિયમનકારી સંસ્થામાં ઓનલાઈન ગેમિંગ, પબ્લિક પોલિસી, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, સાયકોલોજી અને મેડિસન સહિતના વિવિધ ક્ષેત્રોના પાંચ સભ્યોનું બોર્ડ ઓફ ડિરેક્ટર હશે.
- સ્વ–નિયમનકારી સંસ્થાઓની સંખ્યા એક અથવા વધુ હોઈ શકે છે અને તે બધાએ નોંધણી માટેના માપદંડોની વિગતો આપતા અહેવાલ સાથે તેઓએ નોંધાયેલ રમતો વિશે કેન્દ્રને જાણ કરવી પડશે.

### સાવચેતીઓ

- ઓનલાઈન ગેમિંગ કંપનીઓએ વધારાની સાવચેતી રાખવાની જરૂર પડશે, જેમાં વપરાશકર્તાઓનું **KYC**, પારદર્શક ઉપાડ અને પૈસા ઉપાડવા તથા રમતોનું ન્યાયી વિતરણ સામેલ છે.
- KYC માટે તેઓએ ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા નિયંત્રિત સંસ્થાઓ માટે નિર્ધારિત ધોરણોનું પાલન કરવું પડશે.

### રેન્ડમ નંબર જનરેશન પ્રમાણપત્ર

ગેમિંગ કંપનીઓએ રેન્ડમ નંબર જનરેશન પ્રમાણપત્ર પણ સુરક્ષિત રાખવું આવશ્યક છે.

- જેનો ઉપયોગ સામાન્ય રીતે પત્તાની ગેમ ઓફર કરતા પ્લેટફોર્મ દ્વારા થાય છે તેની ખાતરી કરવા માટે કે ગેમ આઉટપુટ રેન્ડમલી જનરેટ થાય છે અને અણધારી છે.
- તેઓએ પ્રતિષ્ઠિત સંસ્થાઓ પાસેથી 'નો બોટ પ્રમાણપત્ર' (No bot Certificate) પણ મેળવવું આવશ્યક છે.
- જે પૃષ્ટિ કરશે કે પ્લેટફોર્મ બોટ અથવા સ્વચાલિત પ્રક્રિયાઓનો ઉપયોગ કરતું નથી.

### સટ્ટાબાજી પર પ્રતિબંધો

ઓનલાઈન ગેમિંગ કંપનીઓને રમતોના પરિણામ પર સટ્ટાબાજીમાં જોડાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

### અનુપાલન

સોશિયલ મીડિયા અને ઈ–કોમર્સ કંપનીઓની જેમ ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મને પણ ખાતરી કરવા માટે એક અનુપાલન અધિકારીની નિમણૂકની કરવી પડશે. જે ખાતરી કરશે કે પ્લેટફોર્મ તમામ સંબંધિત નિયમોનું પાલન કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેઓએ નોડલ અધિકારીની નિમણૂક કરવાની પણ જરૂર પડશે, જે સરકાર સાથે સંપર્ક તરીકે કાર્ય કરશે અને કાયદા અમલીકરણ એજન્સીઓને મદદ કરશે, તેમજ વપરાશકર્તાની ફરિયાદોના નિરાકરણ માટે ફરિયાદ અધિકારીની મદદ કરશે.

## શા માટે ભારતમાં આવા નિયમોની જરૂર પડી ?

ભારતમાં લગભગ 40 થી 50% ગેમર્સ મહિલાઓ છે અને તેથી ગેમિંગ ઈકોસિસ્ટમનું રક્ષણ કરવું એ વધુ મહત્વનું હતું.

- આ નિયમોની રજૂઆતને ભારતમાં ઓનલાઈન ગેમિંગ ઉદ્યોગના વ્યાપક નિયમન તરફના સકારાત્મક પગલા તરીકે જોવામાં આવે છે.
- ભારતમાં ઓનલાઈન ગેમિંગ ઈન્ડસ્ટ્રીએ અગાઉ રાજ્ય સ્તરે રેગ્યુલેટરી ફ્રેગ્મેન્ટેશનનો સામનો કરવો પડ્યો છે, જે ઉદ્યોગને સરળતાથી ચલાવવા માટે પડકારરૂપ બનાવે છે.
- આ ડ્રાફ્ટ નિયમોની રજૂઆતથી આ વિભાજન ઘટશે અને ઉદ્યોગ માટે વધુ એકીકૃત નિયમનકારી માળખું પૂરું પાડવાની અપેક્ષા છે.
- ભારતીય મોબાઈલ ગેમિંગ ઉદ્યોગની આવક વર્ષ 2025માં 5 બિલિયન અમેરિકન ડોલર સુધી પહોંચવાની અપેક્ષા છે.
- 2017-2020ની વચ્ચે ભારતમાં 38%ના 'ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર' (CAGR)થી ઉદ્યોગનો વિકાસ થયો હતો, જેની સરખામણીએ ચીનમાં 8% અને અમેરિકામાં 10% હતો.
- VC ફર્મ Sequoia અને મેનેજમેન્ટ કન્સલ્ટિંગ કંપની BCGના એક અહેવાલ અનુસાર ઉદ્યોગ 15%ના CAGR સાથે વૃદ્ધિ કરવાનું ચાલુ રાખશે અને 2024 સુધીમાં INR 153 બિલિયન સુધી પહોંચશે તેવી અપેક્ષા છે.

## ભારતમાં ઓનલાઈન ગેમિંગ

ભારત વૈશ્વિક સ્તરે કાલ્પનિક રમત માટેનું સૌથી મોટું બજાર છે, જેમાં 13 કરોડથી વધુ વપરાશકર્તાઓ 200 થી વધુ પ્લેટફોર્મ પર રમે છે.

- સરકારે નોંધ્યું કે ઓનલાઈન રમી રમવામાં સામેલ લોકોની સંખ્યા વધી રહી છે.
- ભારત રમતોને અલગ પાડવા માટે મુખ્યત્વે બે વ્યાપક શ્રેણીઓમાં મૂકે છે.
- બે શ્રેણીઓ એવી છે કે રમત કાં તો તકની રમત છે અથવા કૌશલ્યની રમત છે :

(a) તકની રમત (જુગાર) : તકની રમત એ બધી રમતો છે જે અવ્યવસ્થિત રીતે રમવામાં આવે છે. આ રમતો નસીબ પર આધારિત છે.

- કોઈ વ્યક્તિ અગાઉની જાણકારી કે સમજણ વિના આ રમતો રમી શકે છે.
- ઉદાહરણ તરીકે ડાઈસ ગેમ્સ, નંબર પસંદ કરવો વગેરે...... આવી રમતો ભારતમાં ગેરકાયદેસર ગણવામાં આવે છે.

(b) કૌશલ્યની રમત (ગેમિંગ) : કૌશલ્યની રમતો એ તમામ રમતો છે જે વ્યક્તિના રમતના અગાઉના જ્ઞાન અથવા અનુભવના આધારે રમવામાં આવે છે.

- વ્યક્તિને વિશ્લેષણાત્મક નિર્ણય લેવાની, તાર્કિક વિચારસરણી, ક્ષમતા વગેરે જેવા કૌશલ્યની જરૂર પડશે.
- કેટલીક રમતોમાં જીતવા માટે કેટલીક પ્રારંભિક તાલીમની પણ જરૂર પડી શકે છે. ભારતના મોટાભાગના રાજ્યો દ્વારા આવી રમતોને કાયદેસર ગણવામાં આવે છે.



1. તાજેતરમાં BCCIએ જાહેરાત કરી હતી કે ભારતીય ખેલાડીઓની રાષ્ટ્રીય ટીમમાં પસંદગી કરવા માટે Dexa અથવા Dexa Bone density test' ફરજિયાત રહેશે. આ ટેસ્ટ નીચેનામાંથી શેને માપે છે ?

(A) શ્વસન પ્રક્રિયાને (B) હૃદયના ધબકારાને
(C) હાડકાની મજબૂતાઈને (D) આંખના નંબરને **(C)**

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'Dexa'નું પૂર્ણ નામ જણાવો ?

(A) Dual-energy X-ray absorptiometry
(B) Dual-emagine X-ray absorptiometry
(C) Dual-escape X-ray absorptiometry
(D) Dual-ESR X-ray absorptiometry **(A)**

3. બેલગામ અથવા બેલગાવી જિલ્લો તાજેતરમાં ચર્ચામાં હતો. તે કયા બે રાજ્યની સરહદ વિવાદ સાથે સંકળાયેલ છે ?

(A) મહારાષ્ટ્ર–મધ્યપ્રદેશ (B) મહારાષ્ટ્ર–કર્ણાટક (C) મહારાષ્ટ્ર–ગોવા (D) મહારાષ્ટ્ર–ગુજરાત **(B)**

4. તાજેતરમાં ઈલેક્ટ્રોનિક અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે 'ઓનલાઈન ગેમિંગ માટે ડ્રાફ્ટ નિયમો' (Draft Rules For Online Gaming) બહાર પાડ્યા છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ સૂચિત નિયમો મુજબ ઓનલાઈન ગેમ્સને સ્વ–નિયમનકારી સંસ્થામાં નોંધણી કરાવવી પડશે. અને ફક્ત તે જ રમતોને ભારતમાં કાયદેસર રીતે મંજૂરી આપવામાં આવશે જે સંસ્થાઓ દ્વારા મંજૂર કરવામાં આવી હોય.
2. ઓનલાઈન ગેમિંગ કંપનીઓએ વધારાની સાવચેતી રાખવાની જરૂર પડશે, જેમાં વપરાશકર્તાઓનું KYC, પારદર્શક ઉપાડ અને પૈસા ઉપાડવા તથા રમતોનું ન્યાયી વિતરણ સામેલ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે. (B) વિધાન 1 ખોટું છે પરંતુ વિધાન 2 સાચું છે.
(C) વિધાન 1 અને વિધાન 2 બંને ખોટા છે. (D) વિધાન 1 અને વિધાન 2 બંને સાચા છે. **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 04 જાન્યુઆરી, વિશ્વ બ્રેઈલ દિવસ (World Braille Day)



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 4 જાન્યુઆરીના રોજ 'આંતરરાષ્ટ્રીય બ્રેઈલ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણી માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 6 નવેમ્બર, 2018ના રોજ એક ઠરાવ પસાર કર્યો હતો.
- ત્યારબાદ વર્ષ 2019થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- બ્રેઈલ લિપીના જનક શ્રી લુઈસ બ્રેઈલની યાદમાં તેમનો જન્મ દિન 4 જાન્યુઆરી 'આંતરરાષ્ટ્રીય બ્રેઈલ દિન' તરીકે ઉજવાય છે.
- અંધજનો પણ આંગળીના સ્પર્શથી વાંચી શકે તે માટે શ્રી લુઈસ બ્રેઈલે આ બ્રેઈલ લિપીની શોધ કરી હતી.
- શ્રી લુઈસ બ્રેઈલનો જન્મ 4 જાન્યુઆરી, 1809ના રોજ ફ્રાન્સના એક ગામમાં થયો હતો અને ખૂબ જ નાની ઉંમરે એક અકસ્માતમાં તેણે પોતાની આંખોની રોશની ગુમાવી હતી.
- ત્યારબાદ તેમણે 15 વર્ષની ઉંમરે બ્રેઈલ લિપીની શોધ કરી હતી.
- બ્રેઈલ એ અંધ લોકો માટે વાંચવા અને લખવા માટેનો સ્પર્શેન્દ્રિય કોડ છે. તેમાં ખાસ પ્રકારના ઉભા કરેલા કાગળનો ઉપયોગ કરવામાં આવે છે.
- જેના પર ઉભા થયેલા બિંદુઓને સ્પર્શ કરીને વાંચી શકાય છે.

નોંધ : (1) બ્રેઈલ લિપિને ટાઈપરાઈટરની જેમ 'બ્રેઈલરાઈટર' મશિન દ્વારા લખી શકાય છે.
(2) આ સિવાય તેને સ્ટાઈલસ અને બ્રેઈલ સ્લેટ દ્વારા પણ લખી શકાય છે.
(3) બ્રેઈલમાં ઉભા થયેલા બિંદુઓને 'સેલ્સ' કહેવામાં આવે છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નોટબંધી યોગ્ય : સુપ્રીમનો 4:1થી ચૂકાદો

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચૂકાદામાં કેન્દ્ર સરકારના નોટબંધીના પગલાને યોગ્ય ઠરાવ્યો હતો.

- પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચ પૈકી ચાર ન્યાયાધીશે નોટબંધીની તરફેણમાં અને એક ન્યાયાધીશે નોટબંધીની વિરુદ્ધમાં ચૂકાદો આપ્યો હતો.
- આમ 4:1 મતે ચૂકાદો કેન્દ્ર સરકારની તરફેણમાં ગયો હતો.
- સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે રૂ.500 અને રૂ.1000ની નોટ બંધ કરવાની પ્રક્રિયામાં કોઈ ગરબડ કે ગેરરીતી કરવામાં આવી નથી.

## કેસ શું હતો ?

નોટબંધીના નિર્ણયને જુદી જુદી હાઈકોર્ટમાં પડકારતી 58 અરજીમાં ફરિયાદ કરાઈ હતી કે સરકાર દ્વારા કાયદાનો ખોટી રીતે ઉપયોગ કરાયો હતો અને રાતોરાત નોટો ચલણમાંથી રદ કરાઈ હતી.

- આ અરજીઓમાં કહેવામાં આવ્યું હતું કે સરકાર દ્વારા **RBI એક્ટ, 1934**ની કલમ-26(2)નો ખોટી રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેમનો દુરુપયોગ કરવામાં આવ્યો છે.
- ત્યારબાદ સુપ્રીમ કોર્ટે તમામ 58 અરજીઓની એકસાથે સુનાવણી હાથ ધરવાનો નિર્ણય લીધો હતો.
- અરજદારોએ કહ્યું હતું કે, સરકારને કોઈપણ ચલણી નોટો એક સાથે રદ કરવાનો અધિકાર નથી..... સરકાર કોઈ એક ખાસ સિરીઝની નોટોને રદ કરી શકે છે..... કેન્દ્ર સરકાર દ્વારા નિર્ણય લેતી વખતે RBIના મહત્વના દસ્તાવેજોને જાહેર કરવામાં આવ્યા ન હતા..... વગેરે જેવી અરજીઓ સામેલ હતી.

## પાંચ ન્યાયાધીશની બંધારણીય બેંચ

પાંચ ન્યાયાધીશની બંધારણીય બેંચમાં જસ્ટિસ એસ અબ્દુલ નઝીર, જસ્ટિસ બી.આર ગવઈ, જસ્ટિસ એ એસ બોપન્ના, જસ્ટિસ વી રામસુબ્રમણ્યમ તથા જસ્ટિસ બી. વી. નાગરત્ના સામેલ હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## સત્તાવાર ચૂકાદો

### બંધારણીય બેંચની બહુમતી અનુસાર નોટબંધી શા માટે યોગ્ય હતી ?

- બહુમતી મુજબ 8 નવેમ્બર, 2016ના રોજ સરકારનો નિર્ણય સાચો અને યોગ્ય હતો. આથી તેને બદલવાનો કે રદ કરવાનો કોઈ અર્થ નથી કે જરૂરી નથી.
- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, 1934ની કલમ 26(2) હેઠળ 8 નવેમ્બરે નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું તેના છ મહિના પહેલા RBI અને કેન્દ્રએ આ સંબંધમાં એકબીજાની સલાહ લીધી હતી.
- RBI એક્ટની કલમ 26(2) હેઠળની વૈધાનિક પ્રક્રિયાનું ઉલ્લંઘન માત્ર એટલા માટે થયું ન હતું કારણ કે કેન્દ્રએ નોટબંધીની ભલામણ પર વિચાર કરવા માટે કેન્દ્રીય બોર્ડને 'સલાહ' આપવાની પહેલ કરી હતી.
- આ જોગવાઈ હેઠળ સરકારને બેંક નોટોની 'તમામ શ્રેણી'ના મુદ્રીકરણ કરવાની સત્તા આપવામાં આવી હતી.
- ઉતાવળમાં લીધેલા નિર્ણય પર કોર્ટે કહ્યું હતું કે આવા પગલા નિર્વવાદપણે અત્યંત ગુપ્તતા અને ઝડપે લેવામાં આવે છે. જો આવા પગલાના સમાચાર લીક થાય તો તેના પરિણામો કેટલા વિનાશક હોઈ શકે તેની કલ્પના કરવી મુશ્કેલ છે.
- નોટબંધી અથવા ડિમોનેટાઈઝેશન નકલી ચલણ, કાળું નાણું અને આંતકવાદીને નાણાકીય સહાયને દૂર કરવાના 'યોગ્ય હેતુઓ' માટે કરવામાં આવ્યું હતું.
- બેન્ચે કહ્યું કે કેન્દ્ર સરકારને બંધારણ તેમજ RBI એક્ટ દ્વારા અધિકારો આપવામાં આવ્યા છે તેનો ઉપયોગ કરતા કોઈ સરકારને રોકી શકે નહીં.
- બંધારણ અને RBI એક્ટ દ્વારા સરકારને નોટબંધીનો અધિકાર છે.
- RBI એકલા નોટબંધી જાહેર કરી શકે નહીં, તેને સરકારનો સહયોગ મેળવવો જ પડે.

### લઘુમતી નિર્ણય અથવા નોટબંધી શા માટે યોગ્ય ન હતી ?

- નોટબંધી સંસદમાં અલગ–અલગ કાયદા દ્વારા લાવવાની જરૂર હતી. સરકારનું પગલું ગેરકાનૂની હતું.
- સરકારે ગેઝેટ નોટિફિકેશનને બદલે કાયદા દ્વારા તેનો અમલ કરવાની જરૂર હતી.
- લઘુમતી મુજબ RBI એક્ટની કલમ 26(2) હેઠળ જારી કરાયેલ સરકારની સૂચના ગેરકાયદેસર હતી.
- સરકાર નોટબંધીની પહેલ કરે તેવા કિસ્સામાં RBIનો અભિપ્રાય લેવો જોઈએ. બોર્ડનો અભિપ્રાય સ્વતંત્ર અને સ્પષ્ટ હોવો જોઈએ.
- જો બોર્ડનો અભિપ્રાય નકારાત્મક હતો, તો કેન્દ્ર ફક્ત એક વટહુકમ અથવા તો સંસદીય કાયદો બહાર પાડીને નોટબંધી સાથે આગળ વધી શકે છે.

- RBIનો અભિપ્રાય માંગવામાં આવ્યો હતો, જેને ભલામણ ગણી શકાય નહીં.
- સંસદને 'લઘુ રાષ્ટ્ર' તરીકે વર્ણવવામાં આવ્યું છે અને તે 'સંસદની ગેરહાજરીમાં, લોકશાહીની સ્થાપના અને સફળતા અનિશ્ચિત છે.'

## નોટબંધી (Demonetisation)

8 નવેમ્બર, 2016ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેરાત કરી હતી કે રૂ.500 અને રૂ.1000ની ઊંચી કિંમતની નોટો કાનૂની ટેન્ડર તરીકે બંધ થઈ જશે, એટલે કે તેઓ મર્યાદિત સમયગાળા માટે મર્યાદિત સેવાઓ સાથે માન્ય રહેવાનું બંધ કરશે.

- સરકારે ડિમોનેટાઈઝ્ડ નોટોના બદલામાં રૂ.500 અને રૂ.2000ની નવી નોટો જાહેર કરવાની પણ જાહેરાત કરી હતી.
- નોટબંધી પાછળના આર્થિક ઉદ્દેશ્યો નીચે મુજબના હતા :

(a) નકલી નોટોને ચલણમાંથી દૂર કરવી.

(b) કાળા નાણા અને બ્લેક મનીને જપ્ત કરીને ખતમ કરવું.

(c) દેશમાં કેશલેશ અને ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન આપવું.

(d) મોટા ચલણની નોટો વ્યવહારમાંથી દૂર કરવી જેથી કાળા નાણાનો સંગ્રહ રોકી શકાય.

(e) બેનામી રોકડનો સંગ્રહ અને વ્યવહારો રોકવા.

નોંધ : (1) 8 નવેમ્બર, 2016ની નોટબંધી અગાઉ 17 જાન્યુઆરી, 1978ના રોજ શ્રી મોરારજીભાઈ દેસાઈની જનતા સરકારે રૂ.1000, રૂ.5000 અને રૂ.10,000ની ચલણી નોટો ચલણમાંથી રદ કરવામાં આવી હતી.

(2) એ સમયે ભારતના વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈ અને RBIના ગવર્નર શ્રી આઈ.જી.પટેલ ગુજરાતી જ હતા.

(3) વર્ષ 2016માં જ્યારે નોટબંધી થઈ ત્યારે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને RBIના પૂર્વ ગવર્નર શ્રી ઉર્જીત પટેલ ગુજરાતી જ હતા.

(4) આઝાદી અગાઉ ઈ.સ. 1946માં RBIએ રૂપિયા 1000 અને રૂ.10,000ની ચલણી નોટોના વ્યવહાર પર પ્રતિબંધ મૂક્યો હતો.

(5) બાદમાં 1954માં ઉચ્ચ મૂલ્યની બેંક નોટો (રૂ.1000, રૂ.5000 અને રૂ.10,000) ફરીથી રજૂ કરવામાં આવી હતી. જોકે શ્રી મોરારજીભાઈ દેસાઈની સરકારે 1978માં આ નોટોને બંધ કરી દીધી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચિલ્લાઈ કલાન (Chillai Kalan)

કાશ્મીરમાં 40 દિવસના સૌથી કઠોર શિયાળાના સમયગાળાને 'ચિલ્લાઈ કલાન' તરીકે ઓળખવામાં આવે છે.

- આ સમયગાળો તાજેતરમાં શરૂ થયો છે.



### ચિલ્લાઈ કલાન વિશે

કાશ્મીરમાં દર વર્ષે 21મી ડિસેમ્બરથી 29મી જાન્યુઆરી સુધીનો આ સૌથી સખત શિયાળાનો સમયગાળો છે.

- 'ચિલ્લાઈ કલાન' એ એક ફારસી શબ્દ છે જેનો અર્થ થાય છે 'મુખ્ય શિયાળો' અથવા 'તીવ્ર શિયાળો'.
- ચિલ્લાઈ કલાન પછી 20 દિવસનો 'ચિલ્લાઈ ખુર્દ' (ટૂંકો શિયાળો) આવે છે જે 30થી 18 જાન્યુઆરી સુધી ચાલે છે અને ત્યારબાદ 10 દિવસનો ચિલ્લાઈ બચ્ચા (બેબી કોલ્ડ) સમયગાળો આવે છે જે 19 ફેબ્રુઆરીથી 28 ફેબ્રુઆરી સુધી હોય છે.
- આ 40 દિવસ દિવસનો સમયગાળો કાશ્મીરના લોકો માટે ઘણી મુશ્કેલીઓ લાવે છે કારણ કે આ સમયગાળા દરમિયાન તાપમાનમાં ભારે ઘટાડો જોવા મળે છે.
- જેના કારણે પ્રખ્યાત દાલ સરોવર સહિત જળાશયો થીજી જાય છે.
- આ 40 દિવસ દરમિયાન હિમવર્ષા થવાની સંભાવના હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## National Exit Test (NExT)

તાજેતરમાં નેશનલ મેડિકલ કમિશન (NMC)એ નેશનલ એક્ઝિટ ટેસ્ટ (NExT) સંબંધિત સૂચિત ડ્રાફ્ટ નિયમો બહાર પાડ્યા છે.

### ડ્રાફ્ટ નિયમોનો ઉદ્દેશ્ય શું છે ?

ડ્રાફ્ટ રેગ્યુલેશન મુજબ, નિયમનોનો ઉદ્દેશ્ય તબીબી સ્નાતકના શિક્ષણ અને તાલીમના લઘુત્તમ સામાન્ય ધોરણોના સંદર્ભમાં સમગ્ર દેશમાં સંક્ષિપ્ત મૂલ્યાંકનમાં એકરૂપતા લાવવાનો છે.




- NExTનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરીને ભારતમાં આરોગ્યસંભાળની ગુણવત્તામાં સુધારો કરવાનો છે કે તમામ ડોક્ટરો અથવા તબીબી વ્યવસાયિકો તેમની કારકિર્દી શરૂ કરતા પહેલા તેમની પાસે ઓછામાં ઓછી ક્ષમતા અને જ્ઞાન હોય.

## નેશનલ એક્ઝિટ ટેસ્ટ શું છે ?

નેશનલ એક્ઝિટ ટેસ્ટ (NExT) એ મેડિકલ લાઈસન્સિંગ પરીક્ષા છે જે મેડિકલ ગ્રેજ્યુએટ્સની યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટે રચાયેલ છે.

- જે વિદ્યાર્થીઓએ નેશનલ મેડિકલ કમિશન (NMC) માન્ય તબીબી સંસ્થાઓ અને વિદેશી વિદ્યાર્થીઓ પાસેથી તેમની તબીબી ડિગ્રી મેળવી છે તેઓએ પણ નેશનલ એક્ઝિટ ટેસ્ટમાં ક્વોલિફાય થવું પડશે.
- ભારતમાં તબીબી પ્રેક્ટિસ માટે નોંધણી કરાવવા માટે તેઓએ NExT ટેસ્ટ પાસ કરવી આવશ્યક છે.
- કમિશન દ્વારા રચાયેલ સંસ્થા નીચેના હેતુઓ માટે કેન્દ્રીયકૃત સામાન્ય પરીક્ષાનું આયોજન કરશે :

(a) એક સવાયત બોર્ડ, નેશનલ મેડિકલ કમિશન (સુધારા) બિલ, 2022, 'મેડિકલ સાયન્સિસમાં બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ'ની દરખાસ્ત કરે છે. જે અમલમાં આવે ત્યારે NExT પરીક્ષા લેવા માટે જવાબદાર રહેશે.

(b) હાલમાં નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઈન મેડિકલ સાયન્સ (NBEMS) NEET PG (નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રસ ટેસ્ટ પોસ્ટ ગ્રેજ્યુએટ), ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ એક્ઝામિનેશન (FMGE) જેવી પરીક્ષાઓ લેવા માટે જવાબદાર છે.

- NExT એ FMGE અને NEET PG જેવી પરીક્ષાઓનું સ્થાન લેશે.
- NExTમાં 'સ્ટેપ્સ' નામની બે અલગ–અલગ પરીક્ષાઓનો સમાવેશ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## NExTમાં હાજર રહેવાની પાત્રતા

કમિશન દ્વારા માન્યતા પ્રાપ્ત મેડિકલ કોલેજમાંથી MBBSનો અંતિમ અભ્યાસક્રમ પૂર્ણ કરનાર તમામ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવા માટે પાત્ર હશે.

- આ સિવાય વિદેશોમાં MBBS કરનારા વિદ્યાર્થીઓએ ભારતમાં પ્રેક્ટિસ કરવી હશે તો નેશનલ એક્ઝિટ ટેસ્ટ આપવી પડશે.

નોંધ : (1) નેશનલ મેડિકલ કમિશન (NMC) એ ભારત સરકાર દ્વારા વર્ષ 2019માં મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (MCI)ને બદલવા માટે સ્થાપિત કરાયેલ એક વૈધાનિક સંસ્થા છે.

(2) નેશનલ મેડિકલ કમિશન એક્ટ, 2019 તરીકે ઓળખાતા સંસદના અધિનિયમ દ્વારા NMCની રચના કરવામાં આવી છે.

(3) NMC એ ભારતમાં તબીબી શિક્ષણ ક્ષેત્ર માટે એક નિયમનકારી સંસ્થા છે.

1. 'વિશ્વ બ્રેઈલ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 1 જાન્યુઆરી (B) 2 જાન્યુઆરી (C) 3 જાન્યુઆરી (D) 4 જાન્યુઆરી **(D)**

2. નીચના પૈકી કોણે અંધજનો વાંચી શકે તેવી લિપી તૈયાર કરી હતી ?

(A) બ્રેઈલ લુઈસ (B) એડિસન (C) એલેક્ઝાન્ડર (D) આઈઝેક પીટમેન **(A)**

3. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચૂકાદામાં કેન્દ્ર સરકારના નોટબંધીના પગલાને યોગ્ય ઠરાવ્યો હતો. આ ચૂકાદા સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચ પૈકી ચાર ન્યાયાધીશે નોટબંધીની તરફેણમાં અને એક ન્યાયાધીશે નોટબંધીની વિરુદ્ધમાં ચૂકાદો આપ્યો હતો. એટલે કે 4:1 મતે ચૂકાદો કેન્દ્ર સરકારની તરફેણમાં ગયો હતો.

(B) સુપ્રીમ કોર્ટે RBI એક્ટની કલમ 35(2), 41(1) અને 63(2) અનુસાર કેન્દ્ર સરકારના નિર્ણયને યોગ્ય ઠરાવ્યો હતો.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(A)**

4. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ચિલ્લાઈ કલાન' (Chillai Kalan) શું છે ?

(A) ચીન દ્વારા કરવામાં આવેલું મિસાઈલ પરીક્ષણ

(B) ફિલિપાઈન્સના દરિયાકિનારે ત્રાટકેલુ ચક્રવાત

(C) કાશ્મીરમાં 40 દિવસના કઠોર શિયાળાની શરૂઆત

(D) અરૂણાચલ પ્રદેશનો એક સાંસ્કૃતિક ઉત્સવ **(C)**

5. તાજેતરમાં નેશનલ મેડિકલ કમિશન (NMC)એ 'NExT' સંબંધિત સૂચિત ડ્રાફ્ટ નિયમો બહાર પાડ્યા છે. NExT વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. NExTનું પૂરું નામ નેશનલ એક્ઝિટ ટેસ્ટ છે.
2. NExT એ મેડિકલ લાઈસન્સિંગ પરીક્ષા છે જે મેડિકલ ગ્રેજ્યુએટ્સની યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટે રચાયેલ છે.
3. NExT એ FMGE અને NEET PG જેવી પરીક્ષાનું સ્થાન લેશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 108મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ (Indian Science Congress)

તાજેતરમાં ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ (ISC)ના 108માં સત્રનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.




- ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ (ISC)નું 108મું વાર્ષિક સત્ર રાષ્ટ્ર સંત તુકડોજી મહારાજ નાગપુર યુનિવર્સિટી ખાતે યોજાયું હતું.
- આ સંમેલનની મુખ્ય થીમ 'મહિલા સશક્તિકરણ સાથે ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી' છે.
- મહિલાઓની વધતી ભાગીદારી એ સમાજ અને વિજ્ઞાનની પ્રગતિનું પ્રતિબિંબ છે.
- આજનો યુગ વિજ્ઞાન દ્વારા મહિલા સશક્તિકરણનો તેમજ મહિલાઓની ભાગીદારીથી વિજ્ઞાનના સશક્તિકરણનો છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે ભારત હવે ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં 40માં ક્રમે છે, જે 2015માં 81માં ક્રમે હતું.
- અને સ્ટાર્ટઅપ અને પીએચડી સંશોધન કાર્યના સંદર્ભમાં ટોચના ત્રણ દેશોમાં સામેલ છે.

નોંધ : (1) ભારતીય વિજ્ઞાન કોંગ્રસનું પ્રથમ સત્ર વર્ષ 1914માં યોજાયું હતું.

(2) તે માત્ર મુખ્ય સંસ્થાઓ અને પ્રયોગશાળાઓના વૈજ્ઞાનિકો અને સંશોધકોને જ નહીં પરંતુ કોલેજો અને યુનિવર્સિટીઓના વિજ્ઞાન શિક્ષકો અને પ્રોફેસરોને પણ સાથે લાવે છે.

(3) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે તાજેતરમાં ભારતે G20નું અધ્યક્ષ પદ સંભાળ્યું છે. અને G20ના મુખ્ય વિષયોમાં મહિલા સશક્તિકરણ મુખ્ય પ્રાથમિકતા છે.

## સિયોમ પુલ : અરૂણાચલ પ્રદેશ

તાજેતરમાં સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહે અરૂણાચલ પ્રદેશમાં 'સિયોમ પુલ' (Siyom Bridge)નું ઉદ્ઘાટન કર્યુ હતું.

- આ ઉપરાંત તેમણે બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO) દ્વારા પૂર્ણ કરાયેલ 27 ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું પણ ઉદ્ઘાટન કર્યુ હતું.
- કુલ રૂ.724 કરોડના ખર્ચ સાથેના આ પ્રોજેક્ટ્સ ખાસ કરીને ચીનની સરહદે ભારતના સરહદી માળખામાં નોંધપાત્ર સુધારો કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સિયોમ પુલ



અલંગ–ઈંકિયાંગ રોડ પર સ્થિત સિયોમ પુલ સૈનિકોની તૈનાતીની ગતિમાં ઘણો વધારો કરશે.

- સાથે સેના વાસ્તવિક નિયંત્રણ રેખા સાથેના ઉપરી સિંયાગ જિલ્લો, તુટિંગ અને ઈન્કિયાંગ વિસ્તારોમાં વાહનો અને શસ્ત્રોનું પરિવહન કરી શકશે.
- BROએ અરૂણાચલ પ્રદેશના હુરી ગામ જેવા દૂરના ગામોને પણ મુખ્ય ભૂમિ સાથે જોડ્યા છે.
- આ પુલ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ચીન સાથે ભારતના ચાલુ સરહદી તણાવના સંદર્ભમાં ખાસ કરીને મહત્વપૂર્ણ છે.

## BRO

BROનું પૂરું નામ 'બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન' છે.

- BROની સ્થાપના 7મે, 1960ના રોજ કરવામાં આવી હતી.
- BROનો મુખ્ય ઉદ્દેશ ભારતની સરહદોને સુરક્ષિત કરવા અને ભારતના ઉત્તર અને ઉત્તર પૂર્વી રાજ્યોના દૂરસ્થ વિસ્તારોમાં માળખાગત સુવિધા વિકસાવવાનો છે.
- તે ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય હેઠળ માર્ગ કનેક્ટિવિટી પ્રદાન કરે છે.
- આ ઉપરાંત બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન દ્વારા ભૂટાન, મ્યાનમાર, અફઘાનિસ્તાન વગેરે જેવા મૈત્રીપૂર્ણ દેશોમાં પણ માર્ગ રસ્તા બનાવવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બ્રોડકાસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ નેટવર્ક ડેવલપમેન્ટ (BIND) યોજના

તાજેતરમાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ વર્ષ 2025-26 સુધીમાં રૂ.2,539.61 કરોડના ખર્ચ સાથે કેન્દ્રીય ક્ષેત્રની યોજના 'બ્રોડકાસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ નેટવર્ક ડેવલપમેન્ટ' સંબંધમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રસ્તાવને મંજૂરી આપી છે.

## BIND યોજના વિશે

BIND યોજનામાં BINDનું પૂરું નામ 'Broadcasting Infrastructure and Network Development' છે.

- તે પ્રસાર ભારતીને તેના પ્રસારણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ અને અપગ્રેડેશન, સામગ્રી વિકાસ અને સંસ્થાને લગતા નાગરિક કાર્યને લગતા ખર્ચ માટે નાણાકીય સહાય પૂરી પાડવા માટેની એક યોજના છે.

- દેશના જાહેર પ્રસારણકર્તા તરીકે 'પ્રસાર ભારતી' એ દૂરદર્શન અને ઓલ ઈન્ડિયા રેડિયો દ્વારા દૂરના વિસ્તારોમાં લોકો માટે માહિતી, શિક્ષણ, મનોરંજન અને સહભાગિતાનું સૌથી મહત્વપૂર્ણ માધ્યમ છે.
- પ્રસાર ભારતીએ કોવિડ મહામારી દરમિયાન જાહેર આરોગ્ય સંદેશાઓના પ્રસારમાં અને લોકોમાં જાગૃતિ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.
- **BIND યોજના** પ્રસાર ભારતીને સુધારેલ માળખાકીય સુવિધાઓ સાથે તેની સુવિધાઓ સાથે તેની સુવિધાઓના મોટા અપગ્રેડેશન હાથ ધરવા સક્ષમ બનાવશે.
- જે ડાબેરી ઉગ્રવાદ ધરાવતા વિસ્તારો, વ્યૂહાત્મક સ્થાનો અને સરહદી વિસ્તારોનો સમાવેશ કરવા માટે તેની પહોંચને વિસ્તૃત કરશે.
- વધુમાં આ યોજનાનો ઉદ્દેશ્ય સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને પ્રેક્ષકો માટે ઉચ્ચ–ગુણવત્તાવાળી સામગ્રી પ્રદાન કરવાનો અને વધુ ચેનલોને સમાવવા માટે **DTH** પ્લેટફોર્મની ક્ષમતાને અપગ્રેડ કરીને વિવિધ સામગ્રીની ઉપલબ્ધતા વધારવાનો છે.

## BIND યોજનાના અન્ય પાસાઓ




પ્રોજેક્ટના ભાગરૂપે પ્રસાર ભારતી **OB Vans** પણ ખરીદશે અને **DD** તથા **AIR** સ્ટુડિયોને **HD** તૈયાર કરવા માટે ડિજિટલ અપગ્રેડ કરશે.

- હાલમાં **DD 28** પ્રાદેશિક ચેનલો સહિત **36** ટીવી ચેનલોનું સંચાલન કરે છે, જ્યારે **AIR 500** થી વધુ પ્રસારણ કેન્દ્રોનું સંચાલન કરે છે.
- **BIND** યોજના દેશમાં **AIR FM** ટ્રાન્સમિટર્સના કવરેજને ભૌગોલિક વિસ્તાર દ્વારા **66%** અને વસતી દ્વારા **80%** સુધી વધારશે, અનુક્રમે **59%** અને **68%**થી.
- આ યોજનામાં અંતરિયાળ, આદિવાસી, ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત અને સરહદી વિસ્તારોમાં રહેતા લોકોને **8** લાખથી વધુ **DD** ફ્રી ડીશ **STB**નું મફત વિસ્તરણ પણ સામેલ છે.
- સાર્વજનિક પ્રસારણના અવકાશને વિસ્તૃત કરવા ઉપરાંત પ્રોજેક્ટમાં પ્રસારણ સાધનોના પુરવઠા અને ઈન્સ્ટોલેશનને લગતી ઉત્પાદન અને સેવાઓ દ્વારા પરોક્ષ રોજગાર ઉત્પન્ન કરવાની ક્ષમતા છે.

**નોંધ :** પ્રસાર ભારતી એ ભારતમાં જાહેર સેવા પ્રસારણકર્તા છે, જેની સ્થાપના **1997**માં સંસદના અધિનિયમ દ્વારા કરવામાં આવી હતી.

**1.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ' (Indian Science Congress)ના કેટલામાં સત્રનું ઉદ્‌ઘાટન કર્યું હતું ?

(A) 108મા (B) 110મા (C) 111મા (D) 114મા **(A)**

**2.** ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ (ISC)નું 108મું વાર્ષિક સત્ર કયાં યોજાયું હતું ?

(A) કોચીન યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી

(B) ગુરુ જંભેશ્વર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી

(C) સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી

(D) રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ નાગપુર યુનિવર્સિટી **(D)**

**3.** તાજેતરમાં સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહે કયા રાજ્યમાં 'સિયોમ પુલ' (Siyom Bridge)નું ઉદ્‌ઘાટન કર્યુ છે ?

(A) હિમાચલ પ્રદેશ (B) અરૂણાચલ પ્રદેશ (C) નાગાલેન્ડ (D) મણિપુર **(B)**

**4.** તાજેતરમાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ કેન્દ્રીય ક્ષેત્રની યોજના 'BIND યોજના' અંગે માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. આ યોજના વિશે નીચેના વિધાન પર વિચાર કરો અને સાચા વિકલ્પ પસંદ કરો ?

1. BIND યોજનામાં BINDનું પૂરું નામ 'બ્રોડકાસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ નેટવર્ક ડેવલપમેન્ટ' છે.
2. તે પ્રસાર ભારતીને બ્રોડકાસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ અને અપગ્રેડેશન, સામગ્રી વિકાસ અને સંસ્થાને લગતા નાગરિક કાર્યને લગતા ખર્ચ માટે નાણાકીય સહાય પૂરી પાડવા માટેની એક યોજના છે.
3. આ યોજનામાં જમ્મુ અને કાશ્મીર તથા લદ્દાખમાં 8 લાખથી વધુ સેટ ટોપ બોક્સની મફત ડિલિવરીનો સમાવેશ થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) 1, 2 અને 3 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 06 જાન્યુઆરી, વિશ્વ યુદ્ધ અનાથ દિવસ

## રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ રાજસ્થાનમાં સંવિધાન ગાર્ડનનું ઉદ્‌ઘાટન કર્યું



3 જાન્યુઆરી 2023ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ રાજસ્થાનના જયપુરમાં રાજભવન ખાતે 'સંવિધાન ગાર્ડન'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.

- આ ઉપરાંત તેમણે મયુર સ્તંભ, રાષ્ટ્રીય ધ્વજ પોસ્ટ, મહાત્મા ગાંધીજી અને શ્રી મહારાણા પ્રતાપની પ્રતિમાઓનું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- આ ઉપરાંત રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ આ પ્રસંગે રાજસ્થાનમાં સૌર ઊર્જા ક્ષેત્રો માટે પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા સ્થાપિત ટ્રાન્સમિશન સિસ્ટમનું વર્ચ્યુઅલ રીતે પણ ઉદ્‌ઘાટન કર્યું હતું.
- આ સિવાય તેમણે 1000 મેગાવોટના બિકાનેર સોલાર પાવર પ્રોજેક્ટનો વર્ચ્યુઅલ શિલાયન્સ પણ કર્યો હતો.
- રાજસ્થાનના રાજ્યપાલ શ્રી કલરાજ મિશ્રાએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ દ્વારા બંધારણ ગાર્ડનનું ઉદ્‌ઘાટન કર્યા બાદ રાજસ્થાન દેશનું પ્રથમ રાજ્ય બની ગયું છે જ્યાં રાજભવનમાં આ પ્રકારનું સંવિધાન ગાર્ડન (બંધારણ ગાર્ડન) તૈયાર કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પારસનાથ ટેકરી અને શેત્રુંજય ટેકરી

તાજેતરમાં જૈન સમુદાય ઝારખંડમાં પારસનાથ ટેકરી પરના સમ્મેદ શિખર અને ગુજરાતમાં પાલિતાણામાં શેત્રુંજય ટેકરી એમ આ બે પવિત્રો સ્થળોને લગતી માંગણીઓને લઈને વિરોધ કરી રહ્યા છે.

- ઝારખંડમાં જૈન સમુદાયની સલાહ લીધા વિના પારસનાથ ટેકરીને પર્યટન સ્થળ અને ઈકો–સેન્સિટિવ ઝોન તરીકે જાહેર કરવાનો મુદ્દો છે.
- જ્યારે ગુજરાતમાં શેત્રુંજય પર્વતમાં મંદિર અને સંબંધિત સુરક્ષા ચિંતાઓને લઈને વિવાદ છે.

### પારસનાથ ટેકરી



પારસનાથ ટેકરીઓ ઝારખંડના ગિરિડીહ જિલ્લામાં સ્થિત પર્વતોની શ્રેણી છે.

- આ ટેકરીનું સૌથી ઊંચુ શિખર 1350 મીટર છે.
- તે જૈન ધર્મ માટે સૌથી મહત્વપૂર્ણ તીર્થસ્થાનોમાંનું એક છે. તેઓ તેને 'સમ્મેદ શિખર' કહે છે.

- આ ટેકરીનું નામ જૈનધર્મના 23મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- આ ટેકરી પર વીસ જૈન તીર્થંકરોએ મોક્ષ મેળવ્યો હતો. તે દરેક માટે ટેકરી પર એક મંદિર (ગુમતી અથવા ટુંક) છે.
- ટેકરી પરના કેટલાક મંદીરો 2,000 વર્ષથી જૂના હોવાનું માનવામાં આવે છે.
- પારસનાથમાં સંથાલ જાતિના મોટાભાગના લોકો વસે છે. જેઓ આ ટેકરીને મારંગ બુરુ દેવતા તરીકે પૂજે છે.
- આ ટેકરી મધુવન નામના ગાઢ જંગલોથી ઘેરાયેલી છે. તથા આ ટેકરીની તળેટીમાં આવેલું નગર મધુવન તરીકે ઓળખાય છે.

## પાલિતાણા અને શેત્રુંજય પર્વત



પાલિતાણા શેત્રુંજય પર્વત તળેટી પર આવેલું જૈનોનું મોટું તીર્થધામ છે.

- પાલિતાણાનું પ્રાચીન નામ 'પાદલિપ્તપુર' હતું.
- પાલિતાણામાં આવેલા શેત્રુંજય પર્વતને જૈન ધર્મના પ્રથમ તીર્થંકર વૃષભદેવજી (આદિનાથ)નું મૂળસ્થાન ગણવામાં આવે છે.
- પાલિતાણામાં શેત્રુંજય પર્વતમાળામાં જૈનોના 863 મંદિરો છે. આ તમામ જૈન મંદિરોનો વહીવટ 'આણંદજી કલ્યાણજી' પેઢી દ્વારા કરવામાં આવે છે.
- ગુજરાતના સૌથી વધુ મંદિરો પાલિતાણામાં હોવાના કારણે પાલિતાણાને મંદિરોનું શહેર કહે છે.
- પાલિતાણા જૈન ધર્મના પાંચ પવિત્ર તીર્થોમાંનું એક છે અહીં પર્યૂષણના મહિનામાં જૈન લોકો શેત્રુંજયની પરિક્મા કરે છે.
- સફેદ સંગેમરમરમાં બનેલા આ મંદિરોનું નકશીકામ તથા મૂર્તિકામ ઘણું પ્રસિદ્ધ છે.
- અહીંના મંદિરો ચૌમુખ મંદિર સંરચના ધરાવે છે.

**નોંધ :** (1) પાલિતાણા પાસે શેત્રુંજી નદી પર રાજસ્થળી નામનો જાણીતો ડેમ બાંધવામાં આવ્યો છે.

(2) 2010માં પાલિતાણા ખાતે 'પાવક વન'ની રચના કરવામાં આવી હતી.

## જૈન ધર્મ

જૈનધર્મમાં જેમણે પોતાની અલૌકિક, અદ્ભૂત શક્તિથી તેમજ શાસ્ત્ર અને ઉત્તમ ચારિત્ર્ય દ્વારા સંસારરૂપી નદી પાર કરી શકાય તેવો ઘાટ બાંધ્યો તે મહામાનવ તીર્થંકર ગણાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જૈનધર્મના પ્રથમ તીર્થંકર ઋષભદેવ હતા. તેમને જૈનધર્મના આદ્યસ્થાપક માનવામાં આવે છે.
- જૈનધર્મમાં કુલ 24 તીર્થંકર થયા છે. જેમાં મહાવીરસ્વામી 24મા તીર્થંકર છે.

## જૈન તીર્થંકરો અને તેમના પ્રતિકો

| ક્રમ | તીર્થંકર | પ્રતિક |
|---|---|---|
| 1 | ઋષભદેવ (આદિનાથ) | વૃષભ |
| 2 | અજિતનાથ | હાથી |
| 3 | સંભવનાથ | ઘોડો |
| 4 | અભિનન્દન | વાનર |
| 5 | સુમિતનાથ | ક્રોંચ |
| 6 | પદ્મપ્રભુ | કમળ |
| 7 | સુપાર્શ્વનાથ | સ્વસ્તિક |
| 8 | ચન્દ્રપ્રભુ | ચંદ્ર |
| 9 | સુવિધિનાથ | મગર |
| 10 | શીતલનાથ | શ્રીવત્સ |
| 11 | શ્રેયાંસનાથ | ગેંડો |
| 12 | વાસુપૂજ્ય | પાડો |

| ક્રમ | તીર્થંકર | પ્રતિક |
|---|---|---|
| 13 | વિમલનાથ | સુવર |
| 14 | અતન | બાજ |
| 15 | ધર્મનાથ | વ્રજ |
| 16 | શાન્તિનાથ | હરણ |
| 17 | કુંથુનાથ | બકરો |
| 18 | અરનાથ | નન્ધાવર્ત |
| 19 | મલ્લિનાથ | કળશ |
| 20 | મુનિસુવ્રત | કાચબો |
| 21 | નમીનાથ | નીલકમલ |
| 22 | અરિષ્ટનેમી (નેમિનાથ) | શંખ |
| 23 | પાર્શ્વનાથ | સર્પ |
| 24 | મહાવીર સ્વામી | સિંહ |

નોંધ : (1) જૈનધર્મના 22મા તીર્થંકર અરિષ્ટનેમી શ્રીકૃષ્ણના સમકાલીન હતા.

(2) જૈન તીર્થંકર ઋષભદેવ અને અરિષ્ટનેમીનો ઉલ્લેખ ઋગ્વેદમાં છે. જૈન શબ્દ સંસ્કૃત 'જિન' શબ્દમાંથી બન્યો છે. જેનો અર્થ વિજેતા થાય છે. અર્થાત્ તેમણે મન,વાણી અને કાયા પર જીત મેળવી છે.

### મહાવીર સ્વામી (24મા તીર્થંકર)

| | | |
|---|---|---|
| બાળપણનું નામ | : | વર્ધમાન |
| જન્મ | : | ઈ.સ. પૂર્વે 599, કુંડગ્રામ (વૈશાલી) |
| માતા | : | ત્રિશલાદેવી |
| પિતા | : | સિદ્ધાર્થ (સત્રિક ક્ષત્રિય કુળના પ્રધાન) |
| ભાઈ | : | નંદીવર્ધન |
| પત્ની | : | યશોદા |
| પુત્રી | : | પ્રિયદર્શના |
| ગૃહત્યાગ | : | 30 વર્ષે |
| તપશ્ચર્યા | : | 12 વર્ષ સુધી |
| જ્ઞાનપ્રાપ્તિનું સ્થળ | : | ઋંભક ગામ |
| નદી | : | ઋજુપાલિકા |
| વૃક્ષ | : | સાલ |
| પ્રાપ્ત થયેલ જ્ઞાન | : | કેવલ્ય જ્ઞાન |
| જ્ઞાન પ્રાપ્તિ પછીના નામ | : | મહાવીર, કેવલિન, જિન (વિજેતા), નિર્ગન્થ |
| ઉપદેશની ભાષા | : | અર્ધમાગધી (પ્રાકૃત) |
| ધર્મગ્રંથ | : | આગમ, કલ્પસૂત્ર |
| પ્રથમ ઉપદેશ સ્થળ | : | રાજગૃહ પાસે પહાડીઓમાં |
| મૃત્યુ | : | ઈ.સ. પૂર્વે 527 (72 વર્ષની ઉંમરે) |
| મૃત્યુ સ્થળ | : | પાવાપુરી (તેમણે પાવાપુરીના જૈન સંઘની સ્થાપના કરી હતી.) |



INSTITUTE FOR COMPETITIVE

- મહાવીર સ્વામીએ જૈનધર્મમાં પાંચમું મહાવ્રત બ્રહ્મચર્ય આપ્યું હતું.
- 30 વર્ષની ઉંમરે મહાવીર સ્વામીએ તેમના મોટાભાઈ નંદીવર્ધનની આજ્ઞા લઈને ગૃહત્યાગ કર્યો.
- મહાવીર સ્વામીએ 12 વર્ષ સુધી ઋજુપાલિકા નદીને કિનારે સાલ નામના વૃક્ષની નીચે તપશ્ચર્યા કરી.
- તેમને 42 વર્ષની ઉંમરે કેવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું હતું.
- મહાવીર સ્વામીના શિષ્યોને ગણોધર કહેવાય છે. તેમની કુલ સંખ્યા 11 છે.
- મહાવીર સ્વામીએ પોતાના ઉપદેશો 'અર્ધમાગધી' (પ્રાકૃત) ભાષામાં આપ્યા હતા.

## જૈન ધર્મનું સામાજિક ક્ષેત્રે પ્રદાન

- જૈન ધર્મે માનવીના જીવનને નીતિમય, ઉન્નત અને સાર્થક બનાવવા પાંચ વ્રતો આપ્યા છે.




- આ પંચવ્રત ગાંધીજીના જીવનમાં પણ પાયારૂપ બન્યા હતા.
- જૈન ધર્મનો હિન્દુ ધર્મ પર મોટામાં મોટો જો કોઈ પ્રભાવ પડયો હોય તો તે અહિંસાનો છે.
- મહાવીરસ્વામી શ્રેષ્ઠ સમાજ સુધારક હતા. તેમણે જ્ઞાતિ બંધનોથી મુકત સમાનતાના પાયા પર સમાજની રચના કરી હતી.
- સમાજના પછાત, તિરસ્કૃત, ઉપેક્ષિત અને વર્ષોથી અલિપ્ત રહેલા માનવીઓને જૈન ધર્મમાં ઊંચું સ્થાન અને દરજ્જો અપાયો હતો.
- તેમણે મહિલાઓને પણ દીક્ષા લેવાનો અધિકાર આપ્યો હતો. સૌપ્રથમ જૈન ભિક્ષુણી દધિવાહન નરેશના પુત્રી ચમ્પા હતા.
- તેમણે સમાજમાં અનેક બદીઓનો નાશ કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

## જૈન ધર્મનું સાહિત્યક્ષેત્રે પ્રદાન

- જૈન ધર્મના મુખ્ય ગ્રંથોમાં 'આગમો'નું સ્થાન મહત્ત્વનું છે. જે 'અર્ધમાગધી' ભાષામાં લખાયા છે.
- જૈન સાધુઓની જીવન ચર્ચાને લગતા ગ્રંથોમાં 'આચાર અંગ' અને 'દશવૈતાલિક સૂત્ર'નો સમાવેશ થાય છે.
- કલિકાલ સર્વજ્ઞનું બિરુદ પામેલા હેમચંદ્રાચાર્યએ 'સિદ્ધહેમ શબ્દાનુ શાસન' અને 'દ્વયાશ્રય' જેવા પ્રસિદ્ધ ગ્રંથોની રચના કરી હતી.
- વસ્તુપાળ અને તેજપાળના સમયમાં કવિ સોમેશ્વરે રચેલું 'કીર્તિકૌમુદી' નામનું મહાકાવ્ય ખૂબ પ્રસિદ્ધ છે.


## જૈન ધર્મનો ત્રિરત્ન સિદ્ધાંત

- ➢ જૈન ધર્મમાં 'સમ્યક્ દર્શન', 'સમ્યક્ જ્ઞાન' અને 'સમ્યક્ ચરિત્ર' ત્રણ રત્નોના નામે પ્રસિદ્ધ છે.
- ➢ 'સમ્યક્ દર્શન' એટલે કોઈ પણ વસ્તુનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરવાથી સારું જ્ઞાન પ્રાપ્ત થાય છે.
- ➢ 'સમ્યક્ જ્ઞાન' એટલે કોઈપણ વસ્તુનું સાચું સ્વરૂપ સમજાય તે ઉત્તમ પ્રકારનું જ્ઞાન.
- ➢ 'સમ્યક્ ચરિત્ર' એટલે સારું વર્તન, તેના વગર ઉત્તમ પ્રકારનું જ્ઞાન અને દર્શન સંભવિત નથી.




### જૈનધર્મ સભાઓ

| ક્રમ | સમય | સ્થળ | શાસક | અધ્યક્ષ | વિશેષતા |
|---|---|---|---|---|---|
| 1 | ઈ.સ.પૂર્વે 300 | પાટલીપુત્ર | ચંદ્રગુપ્ત મૌર્ય | સ્થુળભદ્ર | જૈનધર્મનું શ્વેતાંબર અને દિગંબર પંથમાં વિભાજન. જૈન ધર્મના બાર અંગોની રચના થઈ. |
| 2 | ઈ.સ. 512 | વલભી | ધ્રુવસેન-1 | દેવર્ષિ ક્ષમાશ્રમણ | આ ધર્મ પરિષદોમાં બાર અંગોને લિપીબદ્ધ કરાવી 'આગમો'ની રચના થઈ. |




**(A) શ્વેતાંબર**

- ➢ જૈન ધર્મમાં સફેદ વસ્ત્રો ધારણ કરનાર "શ્વેતાંબર" કહેવાય છે.
- ➢ તેઓ સ્થૂલભદ્રના અનુયાયી કહેવાય છે.
- ➢ તેમના સાધુ 'નિગ્રંથ' કહેવાય છે.
- ➢ શ્વેતાંબરમાં મહિલાઓને પણ પ્રવેશનો અધિકાર છે.
- ➢ શ્વેતાંબરના ઉપસંપ્રદાયોમાં તેરાપંથી, સ્થાનકવાસી, પૂજેરા વગેરે જોવા મળે છે.

**(B) દિગંબર**

- ➢ દિશારૂપી વસ્ત્રો ધારણ કરનાર "દિગંબર" કહેવાય છે.
- ➢ તેના સાધુ 'યતિ' કહેવાય છે.
- ➢ તેમાં મહિલાઓને પ્રવેશ આપવામાં આવતો ન હતો.
- ➢ તેઓ ભદ્રબાહુના અનુયાયીઓ છે.
- ➢ દિગંબરના તારણપંથી, સામૈયા અને વીસપંથી ઉપસંપ્રદાયો છે.

## ગુજરાતના પ્રમુખ પ્રાચીન જૈન કેન્દ્ર બિંદુઓ

- પાલીતાણા
- ગિરનાર પર્વત (જૂનાગઢ)
- કોઠારા (કચ્છ)
- નલીયા
- તારંગા
- સોનગઢ
- અમદાવાદ
- મહુડી

## જૈન ધર્મના તીર્થસ્થાનો

| ક્રમ | યાત્રાધામ | જિલ્લો | વિશેષતા |
|---|---|---|---|
| (1) | તારંગા | મહેસાણા | એક જ શિલામાંથી કોતરાયેલ ભગવાન અજિતનાથની પ્રતિમા |
| (2) | મહેસાણા | મહેસાણા | શ્રી સીમંધર સ્વામીની મૂર્તિ |
| (3) | ભોયણી | અમદાવાદ | ભગવાન મલ્લિનાથની સુંદર પ્રતિમા |
| (4) | મહુડી | ગાંધીનગર | ઘંટાકર્ણ મહારાજની પ્રતિમા તેમજ સુખડીના પ્રસાદ માટે જાણીતું છે. આચાર્ય બુદ્ધિસાગરસૂરીએ મંદિર બંધાવ્યું. |
| (5) | પાનસર | ગાંધીનગર | ભગવાન ધર્મનાથની મૂર્તિ |
| (6) | પાલિતાણા | ભાવનગર | ગુજરાતમાં સૌથી વધુ જૈન મંદિરો (863) આવેલા છે. પાલિતાણા મંદિરોના શહેર તથા અહિંસા નગરી તરીકે ઓળખાય છે. |
| (7) | ગિરનાર | જૂનાગઢ | નેમિનાથજીનું દેરાસર, અહીં 800 દેરાસર આવેલ છે. |
| (8) | અયોધ્યાપુરમ્ | ભાવનગર | અયોધ્યાપુરમ્ જૈન ધર્મનું મહત્ત્વનું સ્થળ છે. |
| (9) | શંખેશ્વર | પાટણ | પાલિતાણા પછીનું જૈનોનું મહત્ત્વનું તીર્થધામ |



**1.** સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ યુદ્ધ અનાથ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 6 જાન્યુઆરી (B) 7 જાન્યુઆરી (C) 8 જાન્યુઆરી (D) 9 જાન્યુઆરી **(A)**

**2.** તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ કયા સ્થળે 'સંવિધાન ગાર્ડન'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું ?

(A) ભોપાલમાં રાજભવન ખાતે (મધ્યપ્રદેશ) (B) બેંગ્લોરમાં રાજભવન ખાતે (કર્ણાટક)

(C) ચંદીગઢમાં રાજભવન ખાતે (ચંદીગઢ) (D) જયપુરમાં રાજભવન ખાતે (રાજસ્થાન) **(D)**

**3.** તાજેતરમાં ચર્ચામાં રહેલ જૈનધર્મનું પવિત્ર સ્થળ 'પારસનાથની ટેકરી' કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) મધ્યપ્રદેશ (B) ઝારખંડ (C) ઓડિશા (D) બિહાર **(B)**

**4.** ગુજરાતમાં સૌથી વધુ મંદિરો કયાં આવેલ છે ?

(A) પાલિતાણા (B) મહુડી (C) અંબાજી (D) જૂનાગઢ **(A)**

**5.** જૈન ધર્મમાં કુલ કેટલા તીર્થંકર થયા છે ?

(A) 22 (B) 23 (C) 24 (D) 25 **(C)**

**6.** જૈન ધર્મના સ્થાપક અથવા પ્રથમ તીર્થંકર કોણ હતું ?

(A) ઋષભદેવ (આદિનાથ) (B) અજિતનાથ

(C) મહાવીર સ્વામી (D) પાર્શ્વનાથ **(A)**

**7.** જૈન ધર્મના 24માં તીર્થંકર કોણ હતું ?

(A) નેમિનાથ (B) પાર્શ્વનાથ (C) મલ્લિનાથ (D) મહાવીર સ્વામી **(D)**

**8.** જૈન ધર્મની પ્રથમ સભા કયા સ્થળે યોજવામાં આવી હતી ?

(A) વલભી (B) કાશ્મીર (C) પાટલીપુત્ર (D) ઉજ્જૈન **(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાહિત્ય અકાદમી પુરસ્કાર - 2022

તાજેતરમાં સાહિત્ય અકાદમી દ્વારા 'સાહિત્ય અકાદમી પુરસ્કાર-2022'ની યાદી જાહેર કરવામાં આવી હતી.

- સાહિત્ય અકાદમી પુરસ્કાર 2022ના વિજેતાની પસંદગી માટે 23 ભાષાઓમાં પ્રતિષ્ઠિત જ્યુરી સભ્યોની બેઠક સાહિત્ય અકાદમીના વર્તમાન અધ્યક્ષ ડો. ચંદ્રશેખર કમ્બરની અધ્યક્ષતામાં યોજાઈ હતી.
- તાજેતરમાં 5 શ્રેણીઓ છે જેમાં સાહિત્ય અકાદમી પુરસ્કાર 2022 આપવામાં આવ્યા છે. જે નીચે મુજબ છે :

(1) સાહિત્ય અકાદમી મુખ્ય પુરસ્કાર-2022

(2) સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર-2022

(3) સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર-2022

(4) સાહિત્ય અકાદમી ભાષા સન્માન-2022

(5) બાળ સાહિત્ય પુરસ્કાર-2022

### સાહિત્ય અકાદમી એવોર્ડ, 2022

'સાહિત્ય અકાદમી પુરસ્કાર, 2022' 23 ભાષાઓ માટે આપવામાં આવ્યો હતો.



- 23 ભાષાઓના પુરસ્કારોમાં કવિતાના સાત પુસ્તકો, છ નવલકથા, બે ટૂંકી વાર્તાઓ, ત્રણ નાટકો, બે સાહિત્ય વિવેચન અને આત્મકથાત્મક નિબંધો, લેખોનો સંગ્રહ અને સાહિત્યિક ઈતિહાસના 1-1 પુસ્તકોનો સમાવેશ થાય છે.
- સુશ્રી અનુરાધા રોયને અંગ્રેજીમાં તેમની નવલકથા 'All The Lives We Never Lived' (અમે ક્યારેય જીવ્યા ન હતા તે તમામ જીવન) માટે આ એવોર્ડ મળ્યો હતો.
- જ્યારે શ્રી ગુલામ મોહમ્મદ શેખને ગુજરાતીમાં તેમનો આત્મકથાત્મક નિબંધ 'ઘેર જતન' માટે આ એવોર્ડ મળ્યો છે.

**નોંધ :** બંગાળી ભાષામાં એવોર્ડની જાહેરાત પાછળથી કરવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાહિત્ય અકાદમી એવોર્ડ 2022

| ભાષા | વિજેતા/લેખક | કૃતિ/શિર્ષક |
|---|---|---|
| આસામી | મનોજકુમાર ગોસ્વામી | ભૂલ સત્ય (ટૂંકી વાર્તાઓ) |
| બોડો | રશ્મિ ચૌધરી | સંસ્ત્રિની મોદિરા (કવિતા) |
| ડોગરી | વીણા ગુપ્તા | છે રૂપક (નાટક) |
| અંગ્રેજી | અનુરાધા રોય | All The Lives We Never Lived(નવલકથા) |
| ગુજરાતી | ગુલામ મોહમ્મદ શેખ | ઘેર જતન (આત્મકથાત્મક નિબંધ) |
| હિન્દી | બદ્રી નારાયણ | તુમાડી કે શબ્દ (કવિતા) |
| કન્નડ | મુદુનાકુડુ ચિન્નાસ્વામી | બહુત્વદા ભારતા મત્તુ બૌદ્ધ તાત્ત્વિકતે(લેખોનો સંગ્રહ) |
| કાશ્મીરી | ફારુક ફયાઝ | ઝેલ દાબ (સાહિત્યિક વિવેચન) |
| કોંકણી | માયા અનિલ ખરંગતે | અમૃતવેલ (નવલકથા) |
| મૈથિલી | અજિત આઝાદ | પેન–ડ્રાઈવ મે પૃથ્વી (કવિતા) |
| મલયાલમ | એમ થોમસ મેથ્યુ | અશાંતે સીથાયનમ (સાહિત્યિક વિવેચન) |
| મણિપુરી | કોઈજામ શાંતિબાલા | લીરોનંગ (કવિતા) |
| મરાઠી | પ્રવીણ દશરથ બાંદેકર | ઉજાવ્ય સોંદેચ્ય બહુલ્ય (નવલકથા) |
| નેપાળી | કેબી નેપાળી | સાઈનો (નાટક) |
| ઓડિયા | ગાયત્રીબાલા પાંડા | દયાનદી (કવિતા) |
| પંજાબી | સુખજિત | મેં આયંઘોષ નહીં (ટૂંકી વાર્તાઓ) |
| રાજસ્થાની | કમલ રંગા | અલેખુન અંબા |
| સંસ્કૃત | જનાર્દન પ્રસાદ પાંડે ‘મણિ’ | દીપમાનિક્યમ (કવિતા) |
| સંથાલી | કાજલી સોરેન (જગન્નાથ સોરેન) | સાબરનાકા બલિરે સનન પંજય (કવિતા) |
| સિંધી | કન્હૈયાલાલ લેખવાણી | સિંધી સાહિત્ય જો મુક્તસર ઈતિહાસ (સાહિત્ય ઈતિહાસ) |
| તમિલ | એમ રાજેન્દ્રન | કાલા પાણી (નવલકથા) |
| તેલુગુ | મધુરન્થકમ નરેન્દ્ર | મનોધર્મપરાગમ (નવલકથા) |
| ઉર્દુ | અનીસ અશફાક | ખ્વાબ સારાબ (નવલકથા) |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2022

'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર-2022' કુલ 23 ભારતીય ભાષાઓમાં આપવામાં આવ્યો હતો.

- મરાઠી ભાષાનો એવોર્ડ પાછળથી આપવામાં આવશે.
- સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર-2022 ગુજરાતી ભાષા માટે શ્રી ભરત ખેનીને એનાયત કરવામાં આવ્યો છે.
- શ્રી ભરત ખેનીને જીવનચિત્ર 'રાજા રવિ વર્મા' માટે સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2022 એનાયત કરવામાં આવ્યો છે.
- સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2022માં કુલ 23 ભારતીય ભાષાઓમાંથી પરીક્ષાલક્ષી કેટલીક ભાષાઓના વિજેતા નીચે મુજબ છે :

### સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર - 2022

| ભાષા | વિજેતા/લેખક | કૃતિ/શિર્ષક |
|---|---|---|
| અંગ્રેજી | શ્રી મીહીર વાત્સા | Tales of Hazaribagh (An Intimate Exploration of Chhotanagpur Plateau) (Non-Fiction / Travel / Memoir) |
| ગુજરાતી | શ્રી ભરત ખેની | રાજા રવિ વર્મા (જીવનચરિત્ર) |
| હિન્દી | શ્રી ભગવંત અનમોલ | પ્રમેય (નવલકથા) |

## બાળ સાહિત્ય પુરસ્કાર 2022

ગુજરાતી ભાષામાં બાળ સાહિત્ય પુરસ્કાર 2022 શ્રી કિરીટ ગોસ્વામીને 'ખિસકોલીને કમ્પ્યૂટર છે લેવું !' માટે મળ્યો છે.

### બાળ સાહિત્ય પુરસ્કાર - 2022

| ભાષા | વિજેતા/લેખક | કૃતિ/શિર્ષક |
|---|---|---|
| અંગ્રેજી | સુશ્રી અર્શિયા સત્તાર | Mahabharata For Children Fiction (પૌરાણિક કથા) |
| હિન્દી | સુશ્રી ક્ષમા શર્મા | ક્ષમા શર્મા કી ચુન્નીદા બાલ કહાનિયા (ટૂંકી વાર્તા) |
| ગુજરાતી | શ્રી કિરીટ ગોસ્વામી | 'ખિસકોલીને કમ્પ્યૂટર છે લેવું ! (કવિતા) |

## સાહિત્ય અકાદમી ભાષા સન્માન 2022

ઓડિશાના પૂરી ખાતે સ્થિત કેન્દ્રીય સંસ્કૃત યુનિવર્સિટીના સાહિત્ય વિભાગના પ્રોફેસર અને વડા ડો ઉદયનાથ ઝાને પૂર્વીય ક્ષેત્રમાં શાસ્ત્રીય અને મધ્યકાલીન સાહિત્યના ક્ષેત્રમાં તેમના મહત્વના યોગદાન બદલ 'સાહિત્ય અકાદમી ભાષા સન્માન 2022' માટે પસંદ કરવામાં આવ્યા છે.

- ડો. ઉદયનાથ ઝાએ મૈથિલી, હિન્દી અને સંસ્કૃતિમાં 26 પુસ્તકો લખ્યા છે અને લગભગ 27 પુસ્તકોનું ભાષાંતર અને સંપાદન કર્યુ છે.
- આ પુરસ્કાર અંતર્ગત એક તાંબાની તકતી, પ્રશસ્તિપત્ર અને 1 લાખનો રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.

## અનુવાદ માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર 2022

અનુવાદ 2022 માટેના સાહિત્ય અકાદમી પુરસ્કાર માટે કુલ 17 પુસ્તકોની પસંદગી કરવામાં આવી હતી.

- આ પુરસ્કાર એવોર્ડ વર્ષ પહેલાના પ્રથમ વખત પ્રકાશિત થયેલા અનુવાદોને માન્યતા આપે છે.
- આ પુરસ્કાર અંતર્ગત તાંબાની તકતી અને રૂ.50000ની રોકડ રકમ આપવામાં આવે છે.

## સાહિત્ય અકાદમી એવોર્ડ

રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા દર વર્ષે ભારતીય બંધારણ દ્વારા માન્ય 22 ભાષાઓ ઉપરાંત અંગ્રેજી અને રાજસ્થાની ભાષા સહિત કુલ 24 ભાષાઓના સાહિત્યમાંથી એક–એક કૃતિને આ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવે છે.

- ભારતમાં સાહિત્ય અકાદમી પુરસ્કારનો પ્રારંભ વર્ષ 1955થી થયો હતો.
- આ એવોર્ડ અંતર્ગત વિજેતાને શાલ, તામ્રપત્ર અને રૂ. 1 લાખ રોકડા પુરસ્કાર રૂપે અર્પણ કરવામાં આવે છે.
- ઈ.સ. 1955માં સૌપ્રથમ શ્રી મહાદેવભાઈ દેસાઈને તેમની કૃતિ 'મહાદેવભાઈની ડાયરી' (ડાયરી સાહિત્ય) માટે ગુજરાતી ભાષા માટેનો આ એવોર્ડ એનાયત થયો હતો.

## સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા કેટલાક ગુજરાતી સર્જકો અને તેમની કૃતિઓ

| વર્ષ | સર્જક | કૃતિ |
|---|---|---|
| 1955 | શ્રી મહાદેવભાઈ દેસાઈ | મહાદેવભાઈની ડાયરી |
| 2017 | સુશ્રી ઊર્મિ દેસાઈ | ગુજરાતી વ્યાકરણના બસો વર્ષ |
| 2018 | સુશ્રી શરીફા વિજળીવાળા | વિભાજનની વ્યથા |
| 2019 | શ્રી રતિલાલ બોરીસાગર | મોજમાં રે'વું રે ! |
| 2020 | શ્રી હરીશ મિનાશ્રુ | બનારસ ડાયરી |
| 2021 | શ્રી યજ્ઞેશ દવે | ગંધમંજૂષા |
| 2022 | શ્રી ગુલામ મોહમ્મદ શેખ | ઘેર જતન |

## સાહિત્ય અકાદમી

સાહિત્ય અકાદમી, દિલ્હી એ ભારતની રાષ્ટ્રીય સાહિત્ય સંસ્થા છે.

- તેને 'નેશનલ એકેડેમી ઓફ લેટર્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતમાં થતી સાહિત્યિક ગતિવિધિઓના પોષણ અને સમન્વય માટે ભારત સરકાર દ્વારા 12 માર્ચ, 1954ના રોજ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- આ સંસ્થા રવિન્દ્ર ભવન, નવી દિલ્હી ખાતે આવેલી છે.
- સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા તેમના મુખ્ય પુરસ્કાર 'સાહિત્ય અકાદમી એવોર્ડ' ઉપરાંત 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર' અને 'સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર' પણ દર વર્ષે એનાયત થાય છે.

નોંધ : (1) સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા બાળ સાહિત્યમાં વિશેષ પ્રદાન બદલ ભારતની વિવિધ 24 ભાષાઓના સર્જકોને વર્ષ 2010થી બાળ સાહિત્ય પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કાર અંતર્ગત એક સ્મૃતિ ચિહ્ન અને રૂ. 50,000નો ચેક પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવે છે.

(2) સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા ભારતના યુવા સાહિત્યકારોને પ્રોત્સાહન આપવા માટે 2011થી અકાદમી દ્વારા માન્યતા પ્રાપ્ત ભારતની 24 ભાષાઓના સર્જકોને દર વર્ષે 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર' એનાયત થાય છે.

(3) સાહિત્ય અકાદમી દ્વારા 35 વર્ષ અથવા તો તેનાથી ઓછી ઉંમરના ભારતીય લેખકોને 'યુવા પુરસ્કાર' એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કાર અંતર્ગત એક સ્મૃતિ ચિહ્ન અને રૂ. 50,000નો ચેક પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



| | | |
|---|---|---|
| **1.** વર્ષ 2022નો અંગ્રેજી ભાષા માટેનો 'સાહિત્ય અકાદમી એવોર્ડ' કોને એનાયત થયો છે ? <br> (A) સુશ્રી અનુરાધા રોય (B) શ્રી અનુરાધા શર્મા <br> (C) સુશ્રી અનિતા ગુપ્તા (D) સુશ્રી મિનાક્ષી શર્મા | | (A) |
| **2.** 'All The Lives We Never Lived' કોની નવલકથા છે ? <br> (A) સુશ્રી અનુરાધા રોય (B) શ્રી અનુરાધા શર્મા <br> (C) સુશ્રી અનિતા ગુપ્તા (D) સુશ્રી મિનાક્ષી શર્મા | | (A) |
| **3.** વર્ષ 2022નો ગુજરાતી ભાષા માટેનો 'સાહિત્ય અકાદમી એવોર્ડ' કોને એનાયત થયો છે ? <br> (A) શ્રી મનોજ સોની (B) શ્રી જગદીશ ત્રીવેદી <br> (C) શ્રી મુકેશ જોશી (D) શ્રી ગુલામ મોહમ્મદ શેખ | | (D) |
| **4.** વર્ષ 2022નો ગુજરાતી ભાષા માટે 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર' કોને એનાયત થયો છે ? <br> (A) શ્રી કલ્પેશ પટેલ (B) શ્રી ભરત ખેની (C) શ્રી તુષાર શુક્લ (D) શ્રી મનોહર ત્રીવેદી | | (B) |
| **5.** વર્ષ 2022નો ગુજરાતી ભાષા માટે 'બાળ સાહિત્ય પુરસ્કાર' કોને એનાયત થયો છે ? <br> (A) શ્રી કિરીટ ગોસ્વામી (B) શ્રી ભરત ભટ્ટ (C) શ્રી દુર્ગેશ ઓઝા (D) શ્રી અશ્વીન મહેતા | | (A) |
| **6.** 'ખિસકોલીને કમ્પ્યૂટર છે લેવું' કોની કવિતા છે ? <br> (A) શ્રી હરીશ મંગલ્મ (B) શ્રી કિરીટ ગોસ્વામી <br> (C) શ્રી વિનેશ અંતાણી (D) શ્રી મનહર મોદી | | (B) |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **કોન્ક્લેવ ઓફ સિટી લીડર્સ**



તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 8 મહાનગરપાલિકાઓ તથા 'અ' વર્ગની 22 નગરપાલિકાઓના મેયર, પ્રમુખ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તેમજ કમિશનરશ્રીઓ, ચીફ ઓફિસરશ્રીઓ અને રિજીયનલ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ સાથે ગાંધીનગરમાં ગિફ્ટ સિટીમાં આયોજિત કોન્ક્લેવ ઓફ સિટી લીડર્સમાં પ્રેરણાદાયી સંબોધન કર્યુ હતું. રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા આ એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓને શહેરી જનસુખાકારી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, સ્વચ્છ ભારત મિશન, અમૃત 2.0 તેમજ નાણાકીય વ્યવસ્થાપન અંગે રાજ્ય સરકારની અમલી યોજનાઓ, પહેલરૂપ બાબતો તેમજ ભવિષ્યના કાર્ય આયોજનના વિસ્તૃત પ્રેઝેન્ટેશન આ કોન્કલેવમાં કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **એશિયન કિક બોક્સિંગ ચેમ્પિયનશિપ : સુશ્રી મનિષાબેન વાળાએ બ્રોન્ઝ મેડલ જીતી દેશને ગૌરવ અપાવ્યું**



આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાત તરફથી કિક બોક્સિંગમાં વિજય પતાકા લહેરાવનાર પ્રથમ મહિલા ખેલાડી અને ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વતની સુશ્રી મનીષાબેન વાળાએ થાઈલેન્ડમાં યોજાયેલા એશિયન કિક બોક્સિંગ ચેમ્પિયનશિપમાં બે બ્રોન્ઝ મેડલ મેળવી ગીર સોમનાથ સહિત ગુજરાત અને સમગ્ર દેશને ગૌરવ અપાવ્યું છે.

નોંધનીય છે કે મનીષાબેન વાળાએ અગાઉ 2 થી 6 નવેમ્બર 2022 દરમિયાન દિલ્હીમાં યોજાયેલી બીજી ઈન્ડિયન ઓપન ઈન્ટરનેશનલમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

# ભારત

## ➤ કેઆર ગૌરી અમ્મા નેશનલ એવોર્ડ

પ્રથમ કેઆર ગૌરી અમ્મા રાષ્ટ્રીય પુરસ્કાર ક્યુબાના સામાજિક કાર્યકર્તા ડો. અલીડા ગૂવેરાને આપવામાં આવ્યો છે. ડો. એલિડા ગૂવેરાને 5 જાન્યુઆરીએ ઓલિમ્પિયા હોલ, ચંદ્રશેખરન નાયર સ્ટેડિયમ ખાતે એવોર્ડ સમારંભમાં કેરળના મુખ્યમંત્રી દ્વારા પ્રશસ્તિપત્ર અને 3000 અમેરિકન ડોલરની રકમ આપવામાં આવી હતી. ડો એલિડા ગૂવેરા ક્યૂબાના માનવાધિકાર કાર્યકર્તા છે. જે ક્યુબામાં વિકલાંગ બાળકો માટે પણ બે કેન્દ્રો ચલાવે છે. કેઆર ગૌરી અમ્મા ભારતમાં ડાબેરી ચળવળના સૌથી અગ્રણી નેતાઓમાંના એક હતા. ઉપરાંત તે એક ભારતીય રાજકીય અને કેરળ રાજ્યના પ્રથમ મહેસૂલ મંત્રી હતા.

## ➤ રેલવેની ઊર્જા કાર્યક્ષમતા યોજના

ભારતીય રેલ મંત્રાલયે યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ માટે દેશની પ્રતિબદ્ધતાના ભાગરૂપે 2030 સુધીમાં કાર્બન–તટસ્થ બનવાની પાંચ–પાંખીય યોજનાની રૂપરેખા આપી છે. આ યોજનાનો હેતુ કાર્યક્ષમ કામગીરી દ્વારા ઊર્જાનો વપરાશ ઘટાડવા અને પુનઃપ્રાપ્ય ઊર્જાનો ઉપયોગ વધારવાનો છે. આ યોજનાનો મુખ્ય ઘટક તમામ રેલવે સ્થાપનો પર રૂફટોપ સોલાર પેનલ્સની સ્થાપના છે, જે વહીવટી અને જાળવણી પ્રવૃત્તિઓ જેવ બિન–ટ્રેક્શન કામગીરીમાં નવીનીકરણીય ઊર્જાના ઉપયોગમાં વધારો કરે તેવી અપેક્ષા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ આયુર્વેદ માટે SMART પ્રોગ્રામ



તાજેતરમાં આયુષ મંત્રાલય હેઠળની બે અગ્રણી સંસ્થાઓ નેશનલ કમિશન ફોર ઈન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસિન (NCISM) અને સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન આયુર્વેદ સાયન્સ (CCRAS)એ SMART પ્રોગ્રામ શરૂ કર્યો છે. ધી સ્કોપ ફોર મેઈનસ્ટ્રીમિંગ આયુર્વેદ રિસર્ચ ઈન ટીચિંગ પ્રોફેશનલ્સ (SMART) પ્રોગ્રામનો હેતુ આયુર્વેદ કોલેજો અને હોસ્પિટલો દ્વારા વૈજ્ઞાનિક સંશોધનને પ્રોત્સાહન આપવાનો છે. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે આયુર્વેદ શિક્ષકોના વિશાળ સમુદાયની સંશોધન ક્ષમતાનો સામાન્ય રીતે ઉપયોગ કરવામાં આવતો નથી આથી 'સ્માર્ટ' પ્રોગ્રામ આયુર્વેદના ક્ષેત્રમાં સંશોધન પર ઊંડી લાંબાગાળાની કાયા કલ્પ અસર કરશે અને રાષ્ટ્ર માટે એક મહાન સેવા બની રહેશે.

➢ **સીમાંકન : આસામ**

તાજેતરમાં આસામ રાજ્ય કેબિનેટે ચાર જિલ્લાઓને તેમના ઘટક જિલ્લાઓ સાથે વિલીનીકરણને મંજૂરી આપી છે. 27 ડિસેમ્બરના રોજ ચૂંટણી પંચે આસામમાં વિધાનસભા અને સંસદીય મતવિસ્તારોના સીમાંકનની પ્રક્રિયાની જાહેરાત કરતા કહ્યું કે આ કામ 2001ની વસતી ગણતરીના ડેટા આધારે કરવામાં આવશે. આસામમાં હાલમાં 14 લોકસભા અને 126 વિધાનસભા મતવિસ્તાર છે. આસામમાં છેલ્લું સીમાંકન 1976માં થયું હતું. સીમાંકન એ વસતીની બદલતી સંખ્યાને રજૂ કરવા માટે રાજ્યની વિધાનસભા બેઠકો અને લોકસભા બેઠકોની સીમાઓને ફરીથી નિર્ધારિત કરવાની પ્રક્રિયા છે. સીમાંકન કવાયતનો મુખ્ય ઉદ્દેશ વસતીના સમાન વિભાગો માટે સમાન પ્રતિનિધિત્વની ખાતરી કરવાનો છે. નોંધનીય છે કે દરેક વસતી ગણતરી પછી ભારતીય બંધારણના અનુચ્છેદ-82 હેઠળ ભારતની સંસદ દ્વારા સીમાંકન કાયદો ઘડવામાં આવે છે. એકવાર કાયદો અમલમાં આવ્યા પછી કેન્દ્ર સરકાર સીમાંકન કમિશનની રચના કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➢ **Hydrogen For Heritage**



વર્ષ 2023ની શરૂઆતમાં ભારતીય રેલવે તેની હેરિટેજ લાઈનને નવીનતમ તકનીક સાથે આધુનિક બનાવવાનું લક્ષ્ય રાખે છે આ હાંસલ કરવા માટે રેલવે મંત્રાલયે વર્ષના ઉત્તરાધમાં તેની હેરિટેજ લાઈન પર હાઈડ્રોજન સંચાલિત ટ્રેનો રજૂ કરવાની યોજના જાહેર કરી છે. 'હેરિટેઝ માટે હાઈડ્રોજન' નામની આ યોજનાનો હેતુ માત્ર ટ્રેનોના દેખાવ અને સંચાલનને અપડેટ કરવાનો નથી, પરંતુ જાહેર પરિવહનમાં ગ્રીન એનર્જીના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો પણ છે. હાઈડ્રોજન સંચાલિત ટ્રેનો નેરોગેજ અને મીટરગેજ બંને લાઈન પર લાગુ કરવામાં આવશે. આ ટ્રેનોની રજૂઆત માટે આઠ હેરિટેજ રૂટની ઓળખ કરવામાં આવી છે : મધ્ય રેલવેની માથેરાન હિલ રેલવે, ઉત્તર સરહદ રેલવેની દાર્જિલિંગ હિમાલયન રેલવે, કાલકા શિમલા રેલવે, ઉત્તર રેલવેની કાંગડા વેલી રેલવે, પશ્ચિમ રેલવેનો લિલમોરા વાઘાઈ રૂટ, પશ્ચિમ રેલવેનો મહુ પાતાલપાણી રૂટ, નીલગીર પર્વતીય માર્ગ અને ઉત્તર પશ્ચિમ રેલવેનો મારવાડ દેવગઢ માદ્રિયા રૂટ. આ હેરિટેજ રૂટ પર હાઈડ્રોજન રન ટ્રેનોના અમલીકરણથી બહુવિધ લાભ થવાની અપેક્ષા છે.

➤ **પ્રથમ પાંડુલિપી સંગ્રાહાલય/પ્રથમ હસ્તપ્રત મ્યુઝિયમ**

તાજેતરમાં કેરળની રાજધાની તિરુવનંતપુરમમાં વિશ્વના પ્રથમ પામ લીફ હસ્તપ્રત મ્યુઝિયમ (તાડના પાનનું પ્રથમ પાંડુલિપી સંગ્રહાલય)ની સ્થાપના કરવામાં આવી છે. આ મ્યુઝિયમ ત્રાવણકોર સામ્રાજ્યના વહીવટી, સામાજિક–સાંસ્કૃતિક અને રાજકીય ઈતિહાસનું પ્રદર્શન કરે છે, જેણે લગભગ 650 વર્ષ સુધી શાસન કર્યુ હતું. અહી 19મી સદીના અંત સુધીના આર્થિક પાસાઓની ઝલક જોઈ શકાય છે. મ્યુઝિયમ ત્રાવણકોર રાજ્યના જટિલ જમીન વ્યવસ્થાપન, ઐતિહાસિક ઘોષણાઓ અને આંતરરાષ્ટ્રીય કરારો વિશે માહિતી પ્રદાન કરે છે. પ્રથમ તબક્કામાં રાજ્યભરમાંથી એકત્ર કરાયેલા 1.5 કરોડ તાડના પાંદડાના વિશાળ જથ્થામાંથી આ આર્કાઈવ સામગ્રી તૈયાર કરવામાં આવી છે. આ મ્યુઝિયમ ત્રણસો વર્ષ જૂની ઈમારતમાં રાખવામાં આવ્યું છે.

➤ **બિકાનેર સોલાર પાવર પ્રોજેક્ટ**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાજસ્થાનના જયપુરમાં 1000 મેગાવોટના બિકાનેર સોલાર પાવર પ્રોજેક્ટનો વર્ચ્યુઅલ શિલાયન્સ કર્યો હતો. આ પ્રોજેક્ટ રાજ્યની માલિકીની એનર્જી ફર્મ SJVN લિમિટેડ દ્વારા તેની પેટાકંપની SJVN ગ્રીન એનર્જી લિમિટેડ (SGEL) દ્વારા અમલમાં મુકવામાં આવી રહ્યો છે અને રાજસ્થાનના બિકાનેર જિલ્લાના બંદરવાલા ગામ પાસે સીધી ખરીદેલી 5000 એકર જમીન પર વિકસાવવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ માર્ચ 2024 સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે.

➤ **RISE - Rising India Through Spiritual Empowerment**

3 જાન્યુઆરી, 2023ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ રાજસ્થાનના માઉન્ટ આબુ ખાતે બ્રહ્મા કુમારીઓ દ્વારા આયોજિત 'RISE-રાઈઝિંગ ઈન્ડિયા થ્રુ સ્પિરિચ્યુઅલ એમ્પાવરમેન્ટ' પરના રાષ્ટ્રીય અભિયાનના પ્રારંભમાં હાજરી આપી હતી. આ અભિયાનનો ઉદ્દેશ્ય ભારતીય નાગરિકોને 'ગોલ્ડન ઈન્ડિયા'નું સ્વપ્ન સાકાર કરવા માટે આધ્યાત્મિક રીતે સશક્ત કરવાનો છે. બ્રહ્મા કુમારીઓ માને છે કે સ્વ–પરિવર્તન વિશ્વ પરિવર્તન તરફ દોરી જાય છે અને લાખો પરિવર્તનની યાત્રા એક મોટી અસર ઊભી કરશે જે આખરે રાષ્ટ્રના પુનઃનિર્માણ તરફ દોરી જશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **બ્રાઝિલના રાષ્ટ્રપતિ : લુઈઝ ઈન્સીયો લુલા દા સિલ્વા**



લુઈઝ ઈન્સીયો લુલા દા સિલ્વાએ બ્રાઝિલના 39માં રાષ્ટ્રપતિ તરીકેના શપથ લીધા છે. તેમણે ઓક્ટોબર 2022માં ત્રીજી વખત રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી હતી. તેમણે ઓક્ટબરમાં જેયર બોલ્સોનારોને હરાવીને જીત મેળવી હતી. તેમણે 2003 થી 2010 સુધી વર્કર્સ પાર્ટીના અધ્યક્ષ તરીકે ભૂતપૂર્વ યુનિયન લીડર લુલાએ કોમોડિટીની તેજી દરમિયાન લાખો લોકોની આર્થિક સ્થિતિ સુધારી હતી. લુઈઝ ઈન્સિયો લુલા દા સિલ્વા વર્કર્સ પાર્ટીના સ્થાપક સભ્ય છે.

➤ **એશિયા પેસિફિક પોસ્ટલ યુનિયન**

ભારત એશિયા પેસિફિક પોસ્ટલ યુનિયન (APPU)નું નેતૃત્વ સંભાળવા માટે તૈયાર છે. શ્રી વિનય પ્રકાશ સિંહ 4 વર્ષની મુદ્દત માટે (જાન્યુઆરી 2023) થી જનરલ સેક્રેટરી તરીકે ચૂંટાયા છે. આવું પ્રથમવાર છે જ્યારે કોઈ ભારતીય પોસ્ટલ સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સંસ્થાનું નેતૃત્વ કરી રહ્યું છે. એશિયા પેસિફિક પોસ્ટલ યુનિયન (APPU)નું મુખ્યમથક થાઈલેન્ડના બેંગકોકમાં છે. તે એશિયા–પેસિફિક ક્ષેત્રમાં 32 સભ્ય દેશોની આંતર–સરકારી સંસ્થા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




1. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય અનુસાર ‘સમુદ્રયાન મિશન’ કયા વર્ષ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે ? – 2026

(આ મિશનનો ઉદ્દેશ ‘મત્સ્ય 6000’ નામના વાહનમાં 6000 મીટરની ઊંડાઈ સુધી ત્રણ માણસોને ઊંડા સમુદ્રમાં સંશોધન અને દુર્લભ ખનિજ સંસાધનોની શોધ માટે મોકલવાનો છે. આ ભારતનું પ્રથમ અનોખું માનવયુક્ત મહાસાગર મિશન છે જે રૂ.6000 કરોડના ડીપ ઓશન મિશનનો એક ભાગ છે.)

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ ગેટો સોરા કઈ રમત સાથે સંકળાયેલ છે ? – બેડમિન્ટન

(તાજેતરમાં સાત વર્ષીય ગેટો સોરાએ મલેશિયાના કુઆલાલંપુરમાં નવ વર્ષથી નીચેની વય જૂથમાં ટોપ એરેના જુનિયર ઈન્ટરનેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશીપનો ખિતાબ જીત્યો છે. અરૂણાચલ પ્રદેશના ગેટો સોરાએ બે મહિનામાં આ બીજો ખિતાબ જીત્યો છે.)

3. DRDOએ 1 જાન્યુઆરી, 2023ના રોજ તેનો _____ મો સ્થાપના દિવસ ઉજવ્યો હતો. – 65મો

4. તાજેતરમાં ભીમા–કોરેગાંવ યુદ્ધની કેટલામી વર્ષગાંઠ ઉજવવામાં આવી હતી ? – 205મી

5. કયા કેન્દ્રીય મંત્રાલયે ‘પ્રજ્જ્વલા ચેલેન્જ’ (Prajjwala Challenge) લોન્ચ કર્યુ છે ?

– ગ્રામીણ વિકાસ મંત્રાલય

6. નાણા મંત્રાલય હેઠળનો કયો વિભાગ નાની બચત યોજનાઓ પરના દરોમાં ફેરફારની સૂચના આપે છે ?

– આર્થિક બાબતોનો વિભાગ

7. કઈ સંસ્થાએ સ્ટોક એક્સચેન્જોને ઈન્વેસ્ટર રિસ્ક રિડક્શન એક્સેસ (IRRA) પ્લેટફોર્મ સ્થાપિત કરવા વિનંતી કરી છે ? – સેબી

8. 2022-23 માટે ભારતમાંથી કૃષિ અને પ્રોસેસ્ડ ખાદ્ય ઉત્પાદનોનું લક્ષ્ય શું છે ?– 23.56 બિલિયન અમેરિકન ડોલર

9. ગુજરાતના કયા શહેરોએ ઓલિમ્પિક-2036નું યજમાન બનવા માટે તૈયારી દર્શાવી છે ? – અમદાવાદ, ગાંધીનગર

10. તાજેતરમાં મહેસાણા UGVCL દ્વારા પ્રકાશિત .......... પુસ્તકનું નાણા અને ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. – પાવરિંગ પ્રોસ્પેરિટી

11. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે _____ ખાતે ‘અમદાવાદ ફ્લાવર શો 2023’ પ્રજાજનો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. – સાબરમતી રિવરફ્રન્ટ

12. આયુષ્માન ભારત હેઠળ કેટલા આયુષ્માન ભારત આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોને લક્ષ્યાંકિત કરવામાં આવ્યા છે ?

– 1.5 લાખ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. કયા દેશે 2023ના પ્રથમ છ મહિના માટે યુરોપિયન યુનિયનની કાઉન્સિલનું અધ્યક્ષ પદ સંભાળ્યું છે ? – સ્વીડન

14. કઈ સંસ્થાએ 'Statistical tables Relating to Banks in India' બહાર પાડ્યું છે ?
– રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા

15. ઝુઆરી બ્રિજ, ભારતનો સૌથી મોટો કેબલ–સ્ટેન્ડ બ્રિજ કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલ છે ? – ગોવા
(તાજેતરમાં કેન્દ્રીય મંત્રી શ્રી નીતિન ગડકરીએ ઝુઆરી નદી પરના નવા પુલના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન કર્યુ છે જે ઉત્તર ગોવા અને દક્ષિણ ગોવા વચ્ચે જોડાણમાં સુધારો કરશે.)

16. કયું રાજ્ય વિશ્વના સૌથી મોટા ઓપન–એર–થિયેટર 'ધનૂ યાત્રા' ઉત્સવનું આયોજન કરે છે ? – ઓડિશા

17. રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ નાગપુર યુનિવર્સિટી, નાગપુર ખાતે 3 જાન્યુઆરીથી કેટલામી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસની કોન્ફરન્સ યોજાઈ હતી ? – 108મી

18. તાજેતરમાં કેરળના _____ માં સરકારી વ્યાવસાયિક ઉચ્ચતર માધ્યમિક શાળાની 700 ફૂટ લાંબી દિવાલ પર આધુનિક ભીંતચિત્ર કલાની શ્રેષ્ઠ કૃતિ 'વોલ ઓફ પીસ'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. – ચેરપુલાસેરી

19. કઈ સંસ્થાએ 'ઉત્કર્ષ 2.0' નામથી તેની મધ્યમગાળાની રણનીતિની રૂપરેખા શરૂ કરી છે ? – RBI

20. ભારતે તાજેતરમાં કયા દેશ સાથે 'Comprehensive Migration and Mobility Partnership Agreement' પર હસ્તાક્ષર કર્યા છે ? – ઓસ્ટ્રિયા

21. કયા ખેલાડીએ વર્લ્ડ રેપિડ અને વર્લ્ડ બ્લિટ્ઝ ચેસ બંને ટાઈટલ જીત્યા છે ? – મેગ્નસ કાર્લસન

22. 'ફ્યુચર એન્જિનિયર પ્રોગ્રામ' કઈ બહુરાષ્ટ્રીય કંપનીની પહેલ છે ? – એમેઝોન

23. તાજેતરમાં ચર્ચામાં રહેલ જૈનધર્મનું પવિત્ર સ્થળ 'પારસનાથની ટેકરી' કયા રાજ્યમાં સ્થિત છે ? – ઝારખંડ

24. આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ કયા રાજ્યમાં SJVN લિમિટેડ દ્વારા રૂ.2,614.51 કરોડના અંદાજિત ખર્ચે 382 મેગાવોટના સુન્ની ડેમ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટને મંજૂરી આપી છે ? – હિમાચલ પ્રદેશ

25. શ્રી મોહમદ ઈરફાન અલી, જેને પ્રવાસી ભારતીય સન્માન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો તે કયા દેશના રાષ્ટ્રપતિ છે ? – ગયાના

26. કયા દેશે ચીનના સહયોગથી 'પોખરા પ્રાદેશિક આંતરરાષ્ટ્રીય એરપોર્ટ' (પ્રિયા)નું ઉદ્‌ઘાટન કર્યુ છે ? – નેપાળ

27. કયા દેશે તાજેતરમાં તેની કુના ચલણમાંથી યુરોમાં રૂપાંતર કર્યુ છે અને યુરોઝોનનો 20મો સભ્ય બન્યો છે ?
– ક્રોએશિયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**28.** તાજેતરમાં CMIE રિપોર્ટ મુજબ ડિસેમ્બર 2022માં કયા રાજ્યમાં સૌથી વધુ બેરોજગારીનો દર નોંધાયો હતો ?

– હરિયાણા

**29.** તાજેતરમાં ગુજરાતના પ્રથમ મહિલા મુખ્ય સચિવનું નિધન થયું છે. તેમનું નામ જણાવો ?

– ડો. મંજુલા સુબ્રમણ્યમ

(તેઓ 1972 બેચના ગુજરાત–કેડરના અધિકારી હતા. જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા. ત્યારે ડો. મંજુલા સુબ્રમણ્યમને 2007માં પ્રથમ મહિલા મુખ્ય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.)

**30.** પુમા (PUMA) ઈન્ડિયાએ તેના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોની નિમણૂક કરી છે ? – સુશ્રી અનુષ્કા શર્મા

**31.** રવિન્દ્રનાથ ટાગોર સાહિત્ય પુરસ્કાર 2021-22 કોને એનાયત કરવામાં આવ્યો છે ?

– સુદીપ સેન અને શોભના કુમાર

**32.** ફીફા વર્લ્ડ કપ 2022માં ભારતની કઈ અભિનેત્રીએ ફીફાની ટ્રોફીનું અનાવરણ કર્યુ હતું ? – સુશ્રી દીપિકા પાદુકોણ

**33.** તાજેતરમાં નાસાના એપોલો પ્રોગ્રામ હેઠળના સફળ અવકાશ મિશનના છેલ્લા હયાત સભ્ય અવકાશયાત્રી _____ નું 90 વર્ષની વયે નિધન થયું છે. – વોલ્ટર કનિંગહામ

**34.** તાજેતરમાં ઉત્તર ગોવામાં મોપા ખાતે કયું નવનિર્મિત એરપોર્ટ કાર્યરત આવ્યું છે.– મનોહર ઈન્ટરનેશનલ એરપોર્ટ

**35.** તાજેતરમાં રણજી ટ્રોફીમાં હેટ્રીક ઝડપી કોણે ઈતિહાસ રચ્યો છે ? – શ્રી જયદેવ ઉનડકટ



"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT